# એકમ 1 :- રાજપૂતયુગ : નવા શાસકો અને રાજ્યો

પ્રશ્ન- 1. નીચે આપેલા દરેક પ્રશ્નના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી તેના પર ◯ ની નિશાની કરો.

1. રાજપૂતોના યુગમાં કઈ બાબતોનો સમાવેશ થઇ શકે નહિ ?

A. રાજપૂતો બહાદુર હતા B. રાજપૂતો એકવચની હતા

C. રાજપૂતો ગૌબ્રાહમણ પ્રતિપાલક હતા . D. રણભૂમિમાં પરાજય થતા ભાગી જતા હતા..

2. ગુર્જર પ્રતિહાર સામ્રાજ્યના પતન બાદ કયા રાજ્યો સ્થાપિત થયા ?

A. ચાલુક્યનું વાતાપી રાજ્ય C. માલવાનું પરમાર રાજ્ય

B. કનોજનું ગઢવાલ રાજ્ય D. શાકંભરીનું ચૌહાણ રાજ્ય

૩. રાજપુતયુગમાં ગુજરાતના કયા ચાવડા વંશના રાજ્યોનો સમવેશ થતો નથી ?

A. વઢવાણ C. અણહિલવાડ પાટણ

B. જુનાગઢ D. ભદ્રાવતી (કચ્છ)

4. દક્ષિણ ભારતના ચાલુક્ય વંશના રાજ્યમાં કયા રાજ્યોનો સમાવેશ થતો નથી ?

A. અણહિલવાડના ચાલુક્યો C. વેંગીના ચાલુક્યો

B. વાતાપીના ચાલુક્યો D. કલ્યાણીના ચાલુક્યો

5. કોના શાસનકાળને ગુજરાતના રાજપૂત શાસનનો સુવર્ણયુગ ગણવામાં આવે છે ?

A. વાઘેલા વંશના શાસનકાળને B. મૈત્રક વંશના શાસનકાળને

C. સોલંકી વંશના શાસનકાળને D. ચાવડા વંશના શાસનકાળને

6. સોલંકી વંશના શાસકોમાં કયા શાસકનો સમાવેશ કરી શકશે નહિ ?

A. ભીમદેવ પ્રથમ C. સિદ્ધરાજ જયસિંહ

B. કુમારપાળ D. વીરધવલ

8. સોલંકી વંશના શાસનકાળમાં નીચે પૈકી કયા સ્થાપત્યનું નિર્માણ થયેલ નથી ?

A. મોઢેરાનું સૂર્યમંદિર B. ચાંપાનેરનો કિલ્લો

C. પાટણની રાણીની વાવ D. સિદ્ધપુરનો રુદ્રમહાલય

9. ગુજરાતના કયા રાજમાતાએ સોમનાથનો યાત્રાળુવેરો બંધ કરાવ્યો હતો ?

A. રાજમાતા મીનળદેવી C. રાજમાતા વાંચિનીદેવી

B. રાજમાતા નાયકિદેવી . D. રાજમાતા રૂપસુંદરી .

10. વાઘેલા વંશના શાસકોમાં નીચે પૈકી કોનો સમાવેશ કરી શકાય નહિ ?

A. વિસળદેવ. B. સારંગદેવ . C. વીરધવલ D. ભીમદેવ પ્રથમ

11. ગુજરાતની કઈ વાવને યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઈટનો દરજ્જો આપેલ છે ?

A.વણઝારી વાવ-વઢવાણ B. રાણીની વાવ- પાટણ

C. અડાલજની વાવ

D. અડીકડી વાવ-જુનાગઢ

12. નીચેમાંથી વંશ અને શાસકની કઈ જોડ ખોટી છે ?

A. પરમાર વંશ-સીયક

C. ચાલુક્ય વંશ-રાજરાજ પ્રથમ

B. સોલંકી વંશ-કુમારપાળ

D. રાષ્ટ્રકૂટ વંશ-ગોવિંદ ત્રીજો

13. મધ્યકાલીન સમયમાં કયા વંશનું શાસન દક્ષિણ ભારતમાં ન હતું ?

A. ચૌહાણ વંશનું

C. પાંડયવંશનું

B. પલ્લવ વંશનું

D. ચેર વંશનું

14. ભારતમાં પશ્ચિમથી પૂર્વ દિશામાં જતા કયા વંશના રાજ્યનો સમાવેશ થતો નથી ?

A. સોલંકી વંશનું રાજ્ય-પાટણ

C. બંગાળનું પાલવંશનું રાજ્ય

B. પરમાર વંશનું માળવા રાજ્ય

D. ચોલમંડળનું ચોલ રાજ્ય

15. આઠમીથી બારમી સદી દરમિયાન ભારતમાં થયેલ મુસ્લિમ આક્રમણકારોનો કયો ક્રમ સાચો છે ?

A. મુહમ્મદ-બિન-કાસીમ,સુબુક્તેગીન,મહંમદ ગઝની, શિહાબુદીન ઘોરી

B. શિહાબુદીન ઘોરી,મુ મહંમદ ગઝની, મુહમ્મદ-બિન-કાસીમ,સુબુક્તેગીન

C. સુબુક્તેગીન,મહંમદ ગઝની, મુહમ્મદ-બિન-કાસીમ,,શિહાબુદીન ઘોરી

D. મહંમદ ગઝની, શિહાબુદીન ઘોરી, સુબુક્તેગીન,મુહમ્મદ-બિન-કાસીમ

# એકમ 2 :- દિલ્લી સલ્તનત

પ્રશ્ન- 1. નીચે આપેલા દરેક પ્રશ્નના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી તેના પર ◯ ની નિશાની કરો.

1. નીચેનામાંથી કયા શાસકના મૃત્યુ સાથે ઘોડો સંબંધ ધરાવે છે ?

A. કુતુબુદ્દીન ઐબક B. રઝીયા

C. નાસિરુદ્દીન D. ઈલ્તુત્મિશ

2. કાળક્રમ પ્રમાણે દિલ્લી સલ્તનતના શાસક વંશોને ક્રમમાં ગોઠવો.

A. ગુલામવંશ,સૈયદવંશ,લોદીવંશ, ખલજીવંશ.

B. ગુલામવંશ, ખલ્જીવંશ, સૈયદવંશ લોદીવંશ.

C. ગુલામવંશ, લોદીવંશ ખલજીવંશ સૈયદવંશ.

D. લોદીવંશ,ગુલામવંશ, ખલજીવંશ સૈયદવંશ.

3. નીચેના વિધાનો ચકાસો.

વિધાન 1 :- ઈલ્તુત્મિશે રાજધાની લાહોર થી દિલ્લી ખસેડી.

વિધાન 2:- મુહમ્મદ-બિન-તુગલકે રાજધાની દિલ્લી થી દોલતાબાદ ખસેડી.

A. માત્ર-2 સાચું. B. બંને ખોટાં C. માત્ર-1 સાચું. D. બંને સાચાં.

4. સલ્તનત કાલીન શાસનવ્યવસ્થામાં પ્રાંત,શિક,...............એમ શાસન વ્યવસ્થા ગોઠવાયેલ હતી.ખાલી સ્થાનમાં અનુક્રમે શું આવશે ?

A. જિલ્લો.　　B. પરગાણા.　　C. ઈક્તા .　　D. એકપણ નહી.

5. નીચેનામાંથી કયા શાસકે દિલ્લી સલ્તનતના શાસનમાં પોતાના વંશનું શાસન સ્થાપ્યું ન હોતું ?

A. કુતુબુદીન ઐબક　　B. ગિયાસુદીન તુગલક.

C.અલાઉદ્દીન ખલજી.　　D.બહલોલ લોદી.

6. નીચેનામાંથી ક્યું વિધાન સાચું છે ?

A. ઈલ્તુત્મિશે ચેહલગાન નો નાશ કર્યો હતો.

B. રઝીયા દિલ્લી ની ગાદીએ આવનાર પ્રથમ મહીલા શાસક હતી.

C. ઈબ્રાહીમ લોદી દિલ્લી સલ્તનત નો સ્થાપક હતો. .

D. બલ્બને દાગ અને ચહેરા પધ્ધતિની શરૂઆત કરાવી.

7. નીચેનામાંથી કયા શાસક્નું નામ કુતુબ મિનાર સાથે સંકળાયેલું નથી ?

A. કુતુબુદીન ઐબક　　B. ફિરોજશાહ તુગલક .

C. સિકંદર લોદી.　　D.અલાઉદીન ખલજી

8. નીચેનામાંથી કઈ જોડ સાચી નથી ?

A.સંગમવંશ – હરીહરરાય.　　B. ગુલામવંશ - બુક્કારાય.

C. તુલુવવંશ - કૃષ્ણદેવરાય .　　D. દોલતાબાદ – વિધ્યાનગર.

9. નીચેનામાંથી ક્યું યુદ્ધ સલ્તનત યુગના અંત માટે જવાબદાર બન્યું ?

A. તાલિકોટાનું યુદ્ધ.　　B. પાણીપતનું બીજું યુદ્ધ.

C. હલ્દીઘાટીનું યુદ્ધ .　　D. પાણીપતનું પ્રથમ યુદ્ધ.

10. કૃષ્ણદેવરાય માટે નીચેનામાંથી શું સાચું નથી ?

A. નહેરો ખોદાવી.　　B. વિજયનગર સામ્રાજ્યની સ્થાપના.

C. આંધ્રના ભોજ .　　D. નાગલપુર નગર વસાવ્યું.

11. નીચેનામાંથી કઈ નદી વિજયનગર સામ્રાજ્ય સાથે સંકળાયેલ છે ?

A. તુંગભદ્રા　　B. નર્મદા　　C. ગોદાવરી　　D. કાવેરી

12. નીચેના જોડકાં માટે યોગ્ય વિકલ્પની પસંદગી કરો.

| "અ" | "બ" |
|---|---|
| 1. સીરી નગર | a. કુતુબુદ્દીન ઐબક |
| 2. નાગલપુર | b. ઈલ્તુતિમશ |
| 3. ઢાઈ દિન કા ઝોંપડા | c. અલાઉદીન ખલજી |
| 4. ચેહલગાન | d. કૃષ્ણદેવરાય |

A. 1 – d, 2 – a, 3 – c, 4 – b.

B. 1 – d, 2 – b, 3 – a, 4 – c.

C. 1 – c, 2 – d, 3 – a, 4 – b.

D. 1 – a, 2 – c, 3 – d, 4 – b.

13. નીચેનામાંથી કયા વંશના શાસકે પોતાના પુત્રો ને બદલે પોતાની પુત્રીને ગાદીએ બેસાડી હતી ?

A. ખલજી વંશ B. તુગલક વંશ

C. સૈયદ વંશ D. ગુલામ વંશ

14. નીચેનામાંથી કયા શાસક/શાસકો રાજધાની ખસેડવા સાથે સંબંધ ધરાવે છે ?

A. ઈલ્તુત્મિશ B. અહમદશાહ

C. મુહમ્મદ તુગલક D. આપેલા તમામ

15. નીચેના વિધાનો ચકાસો.

વિધાન 1 :- દક્ષિણ ભારતમાં બહમની રાજયની સ્થાપના તુગલક વંશના સમયમાં થઈ.

વિધાન 2 :- તૈમૂરનું આક્રમણ તુગલક વંશના સમયમાં થયું.

A. બંને સાચાં. B. બંને ખોટાં.

C. માત્ર – 1 સાચું. D. માત્ર – 2 સાચું.

# એકમ 3 :- મુઘલ સામ્રાજ્ય

પ્રશ્ન- 1. નીચે આપેલા દરેક પ્રશ્નના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી તેના પર ◯ ની નિશાની કરો.

1. મુઘલ વહીવટીતંત્રમાં સર્વોચ્ચ ન્યાયધીશ કોને ગણવામાં આવતો ?

A. દિવાન-એ-વઝીર-કુલને B. બાદશાહને

C. મીરબક્ષને D. કાઝીને

2. મુઘલ શાસકોનો સમયકાળ મુજબ સાચો ક્રમ કયો છે ?

A. બાબર-હુમાયુ -અકબર- જહાંગીર C. બાબર-હુમાયુ-જહાંગીર-અકબર

B. બાબર-અકબર-હુમાયુ-જહાંગીર D. બાબર-જહાંગીર-અકબર-હુમાયુ

3. ફતેપુરસિક્રીમાં બનાવેલા સ્થાપત્યમાં નીચે પૈકી કોનો સમાવેશ થતો નથી ?

A. બુલંદ દરવાજો C. પંચમહલ

B. સલીમ ચિશ્તીની દરગાહ D. મોતી મસ્જિદ

4. રૂપિયા 500ની ચલણી નોટ પર ભારતના કયા સ્થાપત્યને સ્થાન મળેલું છે ?

A. તાજમહેલ C. બુલંદ દરવાજો

B. લાલકિલ્લો D. વિજય સ્તંભ

5. મુઘલ સામ્રાજ્યના બેનમુન સ્થાપત્યો કઈ નદી સાથે સંકળાયેલ છે ?

A. ગંગા C. બ્રહ્મપુત્રા

B. યમુના D. સિંધુ

6. “ સ્વર્ગના બગીચામાં નેક દિલોનો સ્વાગત છે “ આ ઉક્તિ કયા સ્થાપત્ય સાથે સંકળાયેલી છે ?

A. તાજમહેલ
B. લાલકિલ્લો
C. જામામસ્જિદ
D. આરામબાગ

7. હલ્દીઘાટીના યુદ્ધ સંદર્ભે નીચે પૈકી કયું વિધાન સાચું નથી ?

A. અહીની માટી હળદર જેવી પીળા રંગની છે.
B. આ યદ્ધ મહારાણા પ્રતાપ અને મુઘલો વચ્ચે થયું હતું.
C. આ યુદ્ધ બાદ રાણા પ્રતાપે ચિતોડથી રાજ્ય વહીવટ કર્યો.
D. આ યુદ્ધથી રાણાના ઘોડા ચેતકને અમર નામના મળી હતી.

8. તમે દિલ્લીના પ્રવાસે ગયા છો તો તમે નીચેમાંથી કયા મુઘલ સ્થાપત્યોની મુલાકાત લેશો ?

A. જામામસ્જિદ-લાલકિલ્લો
B. કુતુબમીનાર-જામા મસ્જિદ
C. કુતુબમિનાર-લાલકિલ્લો
D. રાજઘાટ-રાષ્ટ્રપતિ ભવન

9. મુઘલ શાસનકાળમાં મહાભારતનો અનુવાદ કોણે કર્યો હતો ?

A. અમીર ખુશરો
B. રસખાન
C. અબુલ ફઝલ
D. રહીમ ખાનખાના

10. નીચે પૈકી કોણ મુઘલ શાસક નથી ?

A. બાબર
B. શેરશાહ
C. શાહજહાં
D. જહાંગીર

11. ઈ.સ.1526 માં બાબર અને ઈબ્રાહીમ લોદી વચ્ચે પાનીપતનું પ્રથમ યુદ્ધ થયું તે પાણીપત હાલ કયા રાજ્યમાં આવેલું છે ?

A. રાજસ્થાન
B. દિલ્લી
C. હરિયાણા
D. પંજાબ

12. ફરીદખાં : શેરશાહ , ઝાહિરુદીન મુહમ્મદ: ...............................?

A. બાબર
B. હુમાયુ
C. અકબર
D. જહાંગીર

13. નીચેમાંથી કઈ બાબત શેરશાહ સૂરી સાથે બંધ બેસતી નથી ?

A. ડાકુ-લુંટારાઓને અંકુશમાં લઈ તેણે રાજ્યમાં શાંતિ સ્થાપી.
B. વેપારી અને યાત્રાળુઓ માટે ધર્મશાળા બંધાવી.
C. મહાન રાજમાર્ગ ગ્રાંટ ટ્રક રોડનું પુનઃનિર્માણ કરાવ્યું.
D. વાંચનાલયમાંથી ઝડપથી પગથીયા ઉતરતા પડી જવાથી તેમનું અવસાન થયું.

14. મહારાણા પ્રતાપે સ્થાપેલ રાજધાનીને સમયકાળ મુજબ છેલ્લેથી પ્રથમ ક્રમમાં ગોઠવો.

A. ચાવંડ-ગોગુંડા-ચિતોડ
B. ચિતોડ-ગોગુંડા-ચાવંડ
C. ચાવંડ-ચિતોડ-ગોગુંડા
D. ચિતોડ-ચાવંડ-ગોગુંડા

15. નીચેમાંથી કયું નામ છત્રપતિ શિવાજી સાથે જોડાયેલો નથી ?

A. જીજાબાઈ B. શાહજી C. રામદાસ D. દુર્ગાદાસ

16. નીચે પૈકી કઈ જોડ સમકાલીન રાજવીઓની નથી ?

A. બાબર-રાણા સાંગા
B. જહાંગીર-વીર દુર્ગાદાસ
C. અકબર-મહારાણા પ્રતાપ
D. ઔરંગઝેબ- છત્રપતિ

17. સાચી જોડી પસંદ કરો ?

| "અ" | "બ" |
|---|---|
| 1. ગુપ્તચરો | A. દિવાન-એ-વઝીરે-કુલ |
| 2. સેનાનો વડો | B. વાક્યાનવીસ |
| 3. ન્યાય વ્યવસ્થાનો વડો | C. મીરબક્ષ |
| 4. વજીર | D. કાઝી |

A. (1-B),(2-C),(3-D),(4-A)
B. (1-C),(2-B),(3-A),(4-D)
C. (1-D),(2-B),(3-A),(4-C)
D. (1-A),(2-D),(3-C),(4-B)

18. નીચે પૈકી કઈ બાબત મનસબદારી વ્યવસ્થા સાથે બંધ બેસતી નથી ?

A. મહેસૂલનો દર વાર્ષિક ઉપજના 1/3 જેટલો હતો.
B. આ પદ્ધતિ સેના અને મહેસૂલ સાથે બને સાથે સંકળાયેલ હતી.
C. વિશ્વમાં અનોખી અને સૌથી વધારે વેતન ધરાવતી હતી.
D. આ વ્યવસ્થાનો સ્થાપક જહાંગીર હતો.

19. પત્નિની યાદમાં શાહજહાંએ :: તાજમહેલ, ઔરંગઝેબ :: .......................................?

A. રાબિયા-ઉદ-દૌરાન B. સસારામનો મકબરો
C. બીબીકા મકબરા D. નૂરજહાંનો મકબરો

20. નીચે પૈકી કયો ચિત્રકાર મુગલ કાળનો નથી ?

A. જસવંત
B. બસાવન
C. મન્સૂર
D. મોલારમ

21. તુઝુક-એ-બાબરી : બાબર, અકબરનામા : ......................................?

A. જહાંગીર B. અકબર
C. અબુલફઝલ D. શાહજહાં

22. બધા ધર્મના તત્વોને એકઠા કરી "દીન-એ-ઈલાહી" સંપ્રદાયની સ્થાપના કોણે કરી હતી ?

A. અકબર B. બાબર
C. જહાંગીર D. શાહજહાં

# એકમ 4 :- મધ્યયુગીન સ્થાપત્યો, શહેરો,વેપારી અને કારીગરો

પ્રશ્ન- 1. નીચે આપેલા દરેક પ્રશ્નના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી તેના પર ◯ ની નિશાની કરો.

1. નીચે આપેલ જોડ પૈકી કઈ જોડ ખોટી છે ?

   A. મોઢેરાનુ સૂર્યમંદિર. - આગ્રા

   B. સોમનાથ મંદિર. - ગીર સોમનાથ

   C. લાલ કિલ્લો - દિલ્હી

   D. કોર્ણાકનું સૂર્યમંદિર - ઓરિસ્સા

2. નીચે આપેલી કઈ જોડ અયોગ્ય છે ?

   A. શિલ્પકલા - મનના ભાવ કંડારવાની કલા

   B. સ્થાપત્ય - શિલ્પકલા

   C. આરબ શૈલી - સલ્તનત અને મોગલ કાળના સ્થાપત્ય શૈલી

   D. નૃત્ય કલા - શરીરને બેડોળ બનાવની રીત

3. અયોગ્ય જોડ કઈ છે તે જણાવો ?

   A. પાટણ - ગળી

   B . જામનગર - બાંધણી

   C. સૂરત - જરીભરત

   D. ખંભાત - અકિક

4. નીચે આપેલ જોડ પૈકી કઈ જોડ સાચી છે ?

   A. ચંદ બરદાઈ - પૃથ્વીરાજ રાસો

   B. હેમચંદ્રાચાર્ય - મહાભારત

   C. તુલસીદાસ - હિતો પ્રદેશ

   D. નરસિંહ મહેતા - અભિજ્ઞાન શકુન્તલમ્

5. મોઢેરાના સૂર્યમંદિર બાબતે ક્યું વાક્ય અયોગ્ય છે ?

   A . અગિયારમી સદીમાં ભીમદેવ સોલંકી દ્વારા તૈયાર થયેલ છે.

   B. આ મંદિરમાં સૂર્યની 12 વિવિધ મૂર્તિઓ છે.

   C. આ મંદિર ઈરાની શૈલીમાં તૈયાર થયેલ છે.

   D. આ મંદિર જૂનાગઢ જિલ્લામાં આવેલું છે.

6. રાણીની વાવ બાબતે નીચે પૈકી ક્યું વિધાન અસત્ય છે ?

   A. રાણીની વાવને માનવ સૌંદર્યનું મહાકાવ્ય ગણવામાં આવે છે.

B. ભીમદેવના રાણી ઉદયમતીએ પાટણમાં આ વાવનું બાંધકામ કરાવ્યું હતું.

C. રાણીની વાવ યુનેસ્કો દ્વારા વર્લ્ડ હેરિટેજ માં દરજ્જો પામેલ છે.

D. આ વાવમાં 9 માળનું બાંધકામ કરવામાં આવેલ છે.

7. સોમનાથ મંદિરની બાબતમાં નીચે પૈકી કયું વિધાન સત્ય છે ?

A. ભારતના 11 જ્યોતિર્લિંગ પૈકીનું એક છે.

B. ગાંધીજી ના પ્રયત્નોથી નવા મંદિરનું નિર્માણ થયું હતું.

C. આ મંદિર પાટણ જિલ્લામાં આવેલું છે.

D. વિદેશી આક્રમણકારોથી બચાવવા માટે હમીરસિંહ ગોહિલે બલિદાન આપેલું હતું.

8. રાજપૂત યુગ ના સ્થાપત્યો : નાગર શૈલી :: દિલ્હી સલ્તનતના સ્થાપત્યો : ................

A. આરબ શૈલી
C. મથુરા શૈલી
B. મુઘલ શૈલી
D. દિવાન શૈલી

9. નીચે આપેલ જોડ પૈકી કઈ જોડ અયોગ્ય છે ?

A. સીદી સૈયદની જાળી - અમદાવાદ
C. રુદ્ર મહાલય - જુનાગઢ
B. જૈન મંદિરો - પાલીતાણા
D. તાજ મહલ - આગ્રા

10. કોર્ણાકનું સૂર્યમંદિર : તેરમી સદીમાં :: સોમનાથનું મંદિર : .............

A. ૧૪મી સદીમાં
C. બારમી સદીમાં
B. પંદરમી સદીમાં
D. અગિયારમી સદીમાં

11. નીચે પૈકી કઈ જોડી અયોગ્ય છે ?

A. આગ્રા - આરામ બાગ્
C. અલ્હાબાદ - આલ્ફ્રેડ પાર્ક
B. કાશ્મીર - નિશાંત બાગ
D . શિમલા - શાલીમાર બાગ

12. જો સાતમા ધોરણમાં ભણતો જગદીશ કોર્ણાકના સૂર્યમંદિરની મુલાકાતે છે. તો તે ભારતના ક્યાં રાજ્યમાં હશે ?

A. મેઘાલય
C. તમિલનાડુ
B. કેરળ
D. ઓરિસ્સા

13. હોજે કુતુબ બાબતે કયું વિધાન અસત્ય છે ?

A. તે ભારતનું સૌથી મોટું માનવનિર્મિત સરોવર હતું.

B. આ સરોવર આગ્રા શહેરમાં આવેલ છે.

C. આ સરોવરને કાકરીયા તળાવ તરીકે પણ ઓળખવામાં આવે છે.

D. આ સરોવરની વચ્ચે નગીનાવાડી આવેલ છે.

14. અમદાવાદ : ભદ્રકાળી મંદિર :: વડનગર : ...............

A. તાજમહલ
C. સોમનાથ મંદિર
B. લાલ કિલ્લો
D. કિર્તી તોરણ

15. શેત્રુંજય પર્વત બાબતે કયું વિધાન ખોટું છે ?

A. આ પર્વત પર બૌદ્ધ ધર્મનું તીર્થસ્થાન છે.

B. આ પર્વત પાલિતાણા શહેરમાં આવેલ છે.

C. આ પર્વત પર જૈન દેરાસરો આવેલા છે.

D. આ પર્વત પર ઋષભનાથનુ મંદિર આવેલું છે.

# એકમ 5 :- આદિવાસી(અનુસુચિત જનજાતિઓ)

પ્રશ્ન- 1. નીચે આપેલા દરેક પ્રશ્નના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી તેના પર ◯ ની નિશાની કરો.

1. ભારતના બંધારણમાં પરંપરાગત સંસ્કૃતિનું રક્ષણ કરતી જે વિશિષ્ટ આદિવાસી જાતિઓને અનુસૂચિ માં સામેલ કરેલ છે, તે જાતિઓ કયા નામે ઓળખાય છે ?

A. વિચરતી જાતિઓ　　B. વનવાસી જાતિઓ

C. અનુસૂચિત જનજાતિઓ　　D. ઉપરોક્ત પૈકી એક પણ નહિ.

2. ભારતના આદિવાસીઓની જીવનશૈલીને લગતી બાબતોમાં નીચેનામાંથી કઈ એક બાબત તેમની આગવી ઓળખ ઊભી કરતી નથી ?

a. રૂઢિ પરંપરાઓ

b. ખોરાક

c. રમત-ગમત

d. પહેરવેશ

e. રહેઠાણ

A. a અને b　　C. c. અને d

B. b અને c　　D. c અને e

3. આદિવાસી એ ‘આદિ' અને 'વાસી' એમ બે શબ્દોનો બનેલો છે. જો 'વાસી' એટલે 'વસવાટ કરનાર હોય તો આદિ એટલે શું ?

A. જૂના સમયથી　　C. A અને B બંને

B. સમકાલીન સમયથી　　D. બંનેમાંથી એક પણ નહીં.

4. પ્રત્યેક જનજાતિના સભ્ય એકબીજા સાથે જોડાયેલા હતા, તો તેઓ કઈ પ્રથાથી એકબીજા સાથે જોડાયેલા હશે ?

A. માતૃસત્તાક પ્રથા　　C. કબીલા પ્રથા

B. પિતૃસત્તાક પ્રથા　　D. ઉપરોક્ત તમામ

5. જનજાતિના લોકો જે પ્રવૃત્તિ દ્વારા પોતાનો જીવનનિર્વાહ ચલાવતા હતા તેમાં કોનો સમાવેશ થતો નથી ?

a. જંગલ b. ગામડું c. ગુફા d. પ્રકૃતિ

A. a અને b　　B. b અને c.

C. c અને d    D. d અને a

6. જન જાતિના લોકોના અનુસંધાનમાં કેટલીક બાબતો નીચે આપેલી છે. તેમાંથી કઈ બાબતો તેમના જીવન સાથે સુસંગત છે ?

A. તેઓ વિભક્ત કુટુંબની પ્રથા થી એકબીજા સાથે જોડાયેલા હતા.

B. તેમના ઘરો પ્રાકૃતિક સંસાધનોમાંથી બનેલા હતા.

C. તેઓ જમીન અને જમીનની પેદાશો ઉપર સંયુક્ત રીતે અધિકાર ધરાવતા હતા.

D. તેમની અર્થવ્યવસ્થામાં સામૂહિકતાનો સિદ્ધાંત જોવા મળે છે.

7. સામાન્ય રીતે જનજાતિના લોકો નીચેનામાંથી કઈ જગ્યાઓ ઉપર નિવાસ કરતા હતા ?

A. પહાડો    C. રણ અને દુર્ગમ પ્રદેશો

B. જંગલો    D. ઉપરોક્ત તમામ

8. આપેલ મેળાનું દ્રશ્ય એ કયા જિલ્લા સાથે સંબંધ ધરાવે છે ?

A. ડાંગ    C. મહીસાગર

B. છોટાઉદેપુર    D. અરવલ્લી

9. ગોંડ નામની જનજાતિ એ ગોંડવાના નામના વિશાળ.....

A. રણપ્રદેશમાં રહેનારી પ્રજા    C. મેદાન પ્રદેશમાં રહેનારી પ્રજા

B. વન પ્રદેશમાં રહેનારી પ્રજા    D. દરિયાકિનારે રહેનારી પ્રજા

10. ગોંડ જાતિના અનુસંધાનમાં આપેલ માહિતીમાં કયું એક વિધાન ખોટું છે ?

A. તે ભારતની સૌથી જૂની જનજાતિઓમાંની એક છે.

B. તેઓ સ્થળાંતરીત ખેતી કરતા હતા.

C. ગોંડ જાતિમાં પ્રત્યે કુળનો એક રાજા હતો.

D. ગુજરાત, બિહાર, પશ્ચિમ બંગાળમાં ગોંડ લોકોની વસ્તી વધુ જોવા મળે છે.

11. જો તમે નીચે આપેલા રાજ્યોની સફરે છો તો તમે ત્યાંની કઈ જનજાતિની મુલાકાત લેશો ? આપેલ રાજ્ય ની સામે યોગ્ય જનજાતિની જોડને મેળવો.

| "અ" | "બ" |
|---|---|
| 1. પંજાબ | a. મુંડા અને સંથાલ |
| 2. મુલતાન અને સિંધ. | b. કોરાગા, વેતર, મારવાર |
| 3. હિમાલય. | c. લંઘા, અને અરધુન |
| 4. બિહાર અને ઝારખંડ. | d. ખોખર અને ગખ્ખર |
| 5. દક્ષિણ ભારત. | e. ગદ્દી ગડરિયો |

A. 1.-b, 2. a, 3- c, 4- e, 5. d    C. 1.-d, 2-c, .3.-e, 4.-a, 5.-b

B. 1.-d, 2.- e, 3.-c, 4.-a, 5.-b    D. 1-b, 2-c, 3-e, 4-a, 5-d

12. ભીલ જનજાતિના રિવાજો વિશે માહિતી મેળવવી હોય તો કયા બે પડોશી રાજ્યોના પ્રવાસે જવું

પડે ?

A. મહારાષ્ટ્ર અને કર્ણાટક
B. ગુજરાત અને મધ્યપ્રદેશ
C. રાજસ્થાન અને મધ્યપ્રદેશ
D. પંજાબ અને રાજસ્થાન

13. કયા બે પડોશી રાજ્યો એવા છે કે તેના પહાડી વિસ્તારોમાં કોળી અને બેરાદ  જનજાતિઓ જોવા મળે છે ?

A. કર્ણાટક અને મહારાષ્ટ્ર
B. કેરલ અને કર્ણાટક
C. કર્ણાટક અને તેલંગાણા
D. કેરળ અને તમિલનાડુ

14. ગઢકટંગાના ગોંડ રાજ્ય વિશે નીચેનામાંથી કઈ બાબતો સુસંગત છે ?

a. આ રાજ્યમાં 70,000 જેટલા ગામડાઓનો સમાવેશ થતો હતો.

b. ગઢકટંગાના ગોંડ રાજા અમનદાસે સંગ્રામશાહની પદવી ધારણ કરી હતી.

c. ગઢકટંગા રાજ્ય હાથીઓના વેપાર દ્વારા પુષ્કળ ધન કામ હતું.

d. ગઢકટંગા પર વિજય મેળવી મરાઠાઓએ પુષ્કળ ધન અને ઘોડા મેળવ્યા હતા.

A. a, b, c
B. b, c, d
C. c, d, a
D. ઉપરોક્ત તમામ

15. અહોમ લોકો ભારતના કયા પડોશી દેશમાંથી આવી અને કઈ નદીના ખીણ વિસ્તારમાં વસ્યા ?

A. પાકિસ્તાન – સિંધુ નદી
B. મ્યાનમાર – બ્રહ્મપુત્રા નદી
C. બાંગ્લાદેશ – ગંગા નદી
D. નેપાળ – કોસી નદી

16. અહોમ રાજ્યમાં જે લોકો પાસે બળજબરીથી કામ કરાવવામાં આવતું તે લોકો ને શું કહેવામાં આવતા હતા ?

A. ગિરમિટિયા
B. પાઈપ
C. પાઈક
D. પાયકા

17. અહોમ રાજ્ય સાથે નીચે આપેલ કઈ બાબત સુસંગત નથી ?

A. અહોમ સમાજ કુળમા વહેંચાયેલો હતો.

B. તેમના કુળને વિષ કહેવામાં આવતું હતું.

C. શરૂઆતમાં અહોમ લોકો જનજાતિઓ દેવતાઓ (પ્રકૃતિના દેવતા) ની ઉપાસના કરતા હતા.

D. અહોમ સમાજ સુસંસ્કૃત સમાજ હતો.

18. કઈ ઐતિહાસિક કૃતિને પહેલા અહોમ ભાષામાં અને પછી ભારતનું એક એવું રાજ્ય કે જેની ભાષા તે રાજ્યના નામ પરથી જ છે, તે ભાષામાં લખવામાં આવી ?

A. તિરંજી – પંજાબ
B. બુરંજી – અસમ
C. બુરંજી – ગુજરાતી
D. સિકંજી – મણિપુરી

# એકમ 6 :-  વિચરતી અને વિમુક્ત જાતિઓ

પ્રશ્ન- 1. નીચે આપેલા દરેક પ્રશ્નના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી તેના પર ◯ ની નિશાની કરો.

1. વિચરતી વિમુક્ત જાતિઓને અન્ય સમુદાયથી અલગ કરવા અંગ્રેજ સરકારે કયા કાયદા હેઠળ ખોટા આરોપ મૂકી ગુનેગાર દોષિત કરી હતી ?

A. ક્રિમીનલ ટ્રાઈબ્ઝ એક્ટ-1871  C. ડોમેનિયલ ટ્રાઈબ્ઝ એક્ટ-1871

B. ક્રિમીનલ ટ્રાઈબ્ઝ એક્ટ-1971  D. કોમીકલ ટ્રાઈબ્ઝ એક્ટ-1900

2. ભારત સરકારે ઈ.સ. 1952માં વિચરતિ અને વિમુક્ત જાતિઓને ઈ.સ. 1971 નાં કાળા કાયદાથી મુક્ત કરતા તેઓ કયા નામે ઓળખાયા ?

A. વિભક્ત જાતિઓ  B. વિમુક્ત જાતિઓ

C. સશક્ત જાતિઓ  D. અનુસુચિત જાતિઓ

3. વિચરતી વિમુક્ત જાતિઓ જીવન નિર્વાહ માટે વિવિધ પ્રવૃત્તિઓ કરતા, નીચે પૈકી કઈ પ્રવૃત્તિઓનો તેમાં સમાવેશ થતો નથી ?

A. નાના મોટા વ્યવસાય કરવા  B. વન્ય સંસાધનો માંથી આવક મેળવવી

C. પશુપાલનની પ્રવૃત્તિઓ કરવી  D. ગૃહઉદ્યોગો દ્વારા આવક મેળવવી

4. કાંગસિયા અને મોડવા જેવી જાતિઓ કયા વેપાર સાથે જોડાયેલ હતી ?

A. ઉનની બનાવટો  B. જંગલી લાકડાનો વેપાર

C. બંગાળી અને સૌંદર્ય પ્રસાધનો  D. સુતરાઉ કાપડનો વેપાર

5. ભારતની વિચરતી જાતિઓમાં નીચે પૈકી કઈ જાતિનો સમાવેશ થતો નથી ?

A. અઘોરી  B. વણજારા  C. ભામટા  D. ભીલ

6. વિચરતી અને વિમુક્ત જાતિને સ્થાયી કરવા માટે ભારત સરકારે લીધેલા વિવિધ પગલાઓમાંથી નીચેના પૈકી કયું સાચું છે ?

A. આશ્રમશાળા-છાત્રાલયોની સ્થાપના  B. બાગ-બગીચાઓનું નિર્માણ

C. વ્યવસાય માટે તાલીમ આપવી  D. ઓળખપત્રો બનાવી આપવા

7. ગુજરાતમાં વિમુક્ત જાતિઓ પૈકી દેવીપુજક જાતિ માટે નીચે પૈકી કઈ બાબત લાગુ પડતી નથી ?

A. શાકભાજી ઉત્પાદન અને વેપાર સાથે જોડાયેલી છે.

B. આ જાતિમાં શિક્ષણનું પ્રમાણ નીચું જોવા મળે છે.

C. કૌટુંબિક સમસ્યાઓનું નિરાકરણ જ્ઞાતિપંચ દ્વારા લાવવામાં આવે.

D. દોરડા ઉપર કરતબ બતાવવામાં આ જાતી હોશિયાર છે.

8. વણજારાની પોઠોનો સમૂહ 'વણજાર' બીજા કયા નામે ઓળખાય છે ?

A. માંડું  B. ટાંડુ  C. ગાંડું  D. માંડુ

9. ગુજરાતમાં વિમુક્ત જાતિઓમાં 'વણજારા' માટે નીચે પૈકી કયો વિકલ્પ સુસંગત નથી ?

A. તેઓ વેપારી પોઠોને લાવવા-લઈ જવાનું કામ કરતા.

B. અલાઉદ્દીન ખલજી અને જહાંગીરે વેપાર માટે તેમનો ઉપયોગ કર્યો હતો.

C. એશિયાથી ચીજવસ્તુઓ તેમના દ્વારા ભારતમાં આવતી અને જતી.

D. તેઓ ગીર અને બરડા ડુંગરના જંગલમાં રહેતા.

10. ગુજરાતમાં ગીર, બરડા, આલેચ અને કચ્છનાં રણ પ્રદેશમાં કઈ વિચરતી અને વિમુક્ત જાતી રહે છે ?

A. દેવીપૂજક B. વણજારા C. માલધારી D. કાંગસિયા

## એકમ 7 :- ભક્તિ આંદોલન

પ્રશ્ન- 1. નીચે આપેલા દરેક પ્રશ્નના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી તેના પર ◯ ની નિશાની કરો.

1. ભક્તિ અને સૂફી આંદોલનનો પ્રચાર પ્રસાર કરતા સંતોનો મુખ્ય ઉદ્દેશ્ય શું હતો ?

A. અજ્ઞાનથી પીડિત લોકોને સરળ,સાદો ધર્મયુક્ત માર્ગ બતાવવાનો.

B. રાજ્સતા અને રાજકીય લાભો મેળવવા.

C. ફક્ત A

D. A અને B બંને

2. સૂફી અને ભક્તિ આંદોલનના સંતોની વિચારધારા સંદર્ભે નીચે પૈકી કયું વિધાન યોગ્ય નથી ?

A. તેઓ ઐક્યના હિમાયતી હતા.

B. તેઓ ધર્મ અને સંપ્રદાયની એકતામાં માનતા હતા.

C. તેઓએ પોતાના રહેઠાણો માટે મઠો બનાવરાવ્યા હતા.

D. તેઓ મૂર્તિપૂજા અને ક્રિયાકાંડના વિરોધી હતા.

3. નીચે આપેલા વિધાનોની યોગ્યતા ચકાસો ?

વિધાન-1 :- અલવાર સંતો વૈષ્ણવ સંપ્રદાયમાં માનતા હતા.

વિધાન-2 :- નયનાર સંતો શૈવ સંપ્રદાયમાં માનતા હતા.

A. ફક્ત 1 સાચું C. 1 અને 2 બને સાચા

B. ફક્ત 2 સાચું D. 1 અને 2 બને ખોટા

5. દક્ષિણ ભારત : રામાનુજાચાર્ય, ઉત્તર ભારત: ..................................?

A. વલ્લભાચાર્ય B. રામાનંદ

C. ચૈતન્ય મહાપ્રભુ D. બાલાનંદ

6. નીચે આપેલા જોડકાનો કયો ક્રમ સાચો છે ?

"અ" "બ"

1. ગુરુનાનક A. રામચરિત માનસ
2. કબીર B. બીજક
3. તુલસીદાસ C. દાસબોધ
4. રામદાસ D. ગુરુ ગ્રંથસાહેબ

A. (1-D),(2-B),(3-A),(4-C)
B. (1-C),(2-A),(3-D),(4-B)
C. (1-B),(2-C),(3-A),(4-D)
D. (1-A),(2-D),(3-B),(4-C)

7. શંકરાચાર્ય સંદર્ભે નીચે પૈકી કયું વિધાન સુસંગત છે ?
A. તેમનો જન્મ કાલડીમાં થયો હતો.
B. તેઓ હિંદુ ધર્મના પ્રચારક હતા.
C. તેઓએ દક્ષિણ ભારતમાં ધાર્મિક સુધારણાની પ્રવૃતિ શરુ કરી હતી.
D. ઉપરોક્ત તમામ

8. તમે ભક્તિ આંદોલનના નિર્ગુણવાદી સંતોની યાદી બનાવો છો,તો તમે નીચે પૈકી કયા સંતનું નામ તમારી યાદીમાં નહિ લખો ?
A. ગુરુનાનક B. કબીર C. સૂરદાસ D. સંત રૈદાસ

9. નીચે આપેલા સંતો પૈકી કયા બે સંતો રામાનંદના શિ ષ્યો હતા અને ગુરુભાઈ હતા ?
A. જયદેવ અને ચૈતન્ય મહાપ્રભુ B. ચૈતન્ય મહાપ્રભુ અને કબીર
C. રૈદાસ અને જયદેવ D. કબીર અને રૈદાસ

10. રામાનુજાચાર્ય સંદર્ભે નીચે પૈકી કયું વિધાન સુસંગત છે ?
A. શંકરાચાર્ય પછી 250 વર્ષે તેઓએ દક્ષિણ ભારતમાં ભક્તિ આંદોલન શરુ કર્યું.
B. તેઓએ "બીજક" નામથી કવિતા સંગ્રહની રચના કરી હતી
C. તેઓ સંત રૈદાસના ગુરુ ભાઈ હતા
D. A અને C બને સાચા છે.

11. નીચે પૈકી કયું જોડકું યોગ્ય નથી ?

"અ" "બ"

1. રામાનુજાચાર્ય A. ભક્તિ અંદોલનની શરૂઆત કરનાર.
2. ચૈતન્ય મહાપ્રભુ B. એકેશ્વર પરંપરાના સૌથી મહત્વના સંત.
3. સંત તુલસીદાસ C. "વિનય પત્રિકા" ગ્રંથની રચના કરી હતી.
4. મીરાબાઈ D. કૃષ્ણને ગિરધર ગોપાલના રૂપમાં પૂજતા.

A. ફક્ત-1

B. ફક્ત-2

C. 1,2 અને 4 સાચા છે

D. તમામ 1,2, અને 3 સાચા છે.

12. નીચે આપેલા વાક્યો કયા સંતના સંદર્ભમાં યોગ્ય કહી શકાય ?

વિધાન-1 :- તેઓ ગ્રહસ્થી અને નિર્ગુણવાદી સંત હતા.

વિધાન-2 :- તેઓ રામાનંદ જેવા મહાન સંતના શિષ્ય હતા.

A. કબીર | B. રૈદાસ

C. A અને B બને માટે યોગ્ય | D. A અને B બને માટે અયોગ્ય

13. નીચે પૈકી કયું વિધાન સંત કબીર સાથે સુસંગત નથી ?

A. તેઓ એકેશ્વર પરંપરાના સૌથી મહત્વના સંત હતા.

B. તેઓ "તમિલ" ભાષાના આદિકવિ ગણાય છે.

C. "બીજક" તેમનો કવિતા સંગ્રહ છે.

D. સંત રૈદાસ તેમના ગુરુભાઈ હતા.

14. નીચે પૈકી કયા સંત ઉત્તર ભારત અને રાજસ્થાન વિસ્તારના નથી ?

A. સંત તુલસીદા | B. જયદેવ

C. સંત સૂરદાસ | D. મીરાબાઈ

15. ગાંધીજીનું પ્રિય ભજન "વૈષ્ણવ જન તો તેને રે કહીએ" સાંભળતા તમારી નજર સમક્ષ કયા સંતનું ચિત્ર ઉપસી આવશે ?

A. સંત તુલસીદાસ | B. નરસિંહ મહેતા

C. તુકારામ | D. ગુરુનાનક

16. નીચે પૈકી કયા સંત કૃષ્ણ ભક્તિ સાથે સંકળાયેલ નથી ?

A. ચૈતન્ય મહાપ્રભુ | B. સંત રૈદાસ

C. મીરાબાઈ | D. નરસિંહ મહેતા

17. નીચે પૈકી કયું વિધાન નરસિંહ મહેતા સાથે સુસંગત નથી ?

A. તેઓ એક નિર્ગુણવાદી સંત હતા.

B. નાની ઉમરે ગૃહ ત્યાગ કરી સંત બન્યા હતા.

C. તેમના પદો પ્રભાતિયા તરીકે જાણીતા બન્યા હતા.

D. A અને B બને.

18. તેઓ ગુજરાતી ભાષાના આદિ કવિ તરીકે ઓળખાય છે અને તેઓ મૂળ તળાજા (ભાવનગર)ના છે.ઉપરોક્ત વિધાનો કયા સંત સાથે સુસંગત છે ?

A. નરસિંહ મહેતા | B. રામાનુજાચાર્ય | C. ચૈતન્ય મહાપ્રભુ | D. સંત તુલસીદાસ

19. દક્ષિણ ભારતમાંથી ઉત્તર ભારતમાં ભક્તિ આંદોલનને લઈ જનાર નીચે પૈકી કયા સંત હતા ?

A. ચૈતન્ય મહાપ્રભુ | B. રામાનંદ | C. રામાનુજાચાર્ય | D. કબીર

20. નીચે આપેલા વિધાનોની યોગ્યતા ચકાસો

વિધાન-1 :- ચૈતન્ય મહાપ્રભુ એ બંગાળમાં "હરિબોલ" નો મંત્ર ગુંજતો કર્યો હતો.

વિધાન-2 :- સંત રૈદાસે "વિનય પત્રિકા" નામના લોકપ્રિય ગ્રંથની રચના કરી હતી.

A. વિધાન 1 સાચું છે　　B. વિધાન 2 સાચું છે

C. વિધાન 1 અને 2 બંને સાચા છે.　　D. વિધાન 1 અને 2 બંને ખોટા છે .

21. "બીજક" એ શું છે ?

A. દક્ષિણ ભારતના સંતો "બીજક" તરીકે ઓળખાતા.

B. વૈષ્ણવ સંપ્રદાયના સંતો "બીજક" તરીકે ઓળખાતા.

C. સંત કબીરના કાવ્યસંગ્રહો "બીજક" તરીકે ઓળખાયા.

D. સંત રામાનંદના શિષ્યો "બીજક" તરીકે ઓળખાતા .

22. નીચે પૈકી કયો ગ્રંથ તુલસીદાસ રચિત છે ?

A. રામચરિત માનસ　　C. જ્ઞાનપથ

B. વિનય પત્રિકા　　D. A અને B બંને

23. નીચે પૈકી કયું વિધાન મીરાબાઈ સાથે સુસંગત નથી ?

A. મીરાબાઈ એક રાજપૂત રાજકુમારી હતા.　　B. તેમના લગ્ન સૌરાષ્ટ્રના રાજપરિવારમાં થયા હતા.

C. તેઓ નાનપણથી જ કૃષ્ણ ભક્ત હતા.　　D. તેઓ એક ભક્ત કવિયત્રી હતા.

24. મીરાંબાઈએ કઈ ભાષામાં પદોની રચના કરી હતી ?

A. ગુજરાતી　　C. હિન્દી

B. બંગાળી　　D. A અને C બંને

25. નીચે પૈકી કયા સંત નિર્ગુણવાદી સંત નથી ?

A. સંત તુલસીદાસ　　C. રૈદાસ

B. કબીર　　D. ઉપરોક્ત એક પણ નહિ

26. નીચે પૈકી કયું વિધાન સંત સૂરદાસ સાથે સુસંગત નથી ?

A. તેઓ સગુણવાદી સંત હતા.

B. તેઓએ વ્રજમાં રહીને શ્રીકૃષ્ણના પદ રચ્યા હતા.

C. તેમના દ્વારા રચિત પદો "અભંગો" તરીકે જાણીતા બન્યા હતા.

D. તેઓ વલ્લાભાચાર્યના શિષ્ય હતા.

27. નીચેઆપેલા પદો વાંચી તેમના રચયતાને ઓળખો ?

"પક્ષાપક્ષીમાં નહિ પરમેશ્વર,સમદ્રષ્ટિને સર્વ સમાન"

"અખિલ બ્રહમાંડમાં એક તુ હરિ,જુજવે રૂપ અનંત ભાસે"

A. પદ 1 નરસિંહ મહેતા અને પદ 2 સૂરદાસ દ્વારા રચિત છે

B. પદ 1 સૂરદાસ અને પદ 2 નરસિંહ મહેતા દ્વારા રચિત છે

C. પદ 1 અને 2 બને નરસિંહ મહેતા દ્વારા રચિત છે.

D. પદ 1 અને 2 બને સૂરદાસ દ્વારા રચિત છે.

28. તમારા મહારાષ્ટ્રીયન મિત્ર તેમના વિસ્તારમાં ભક્તિ આંદોલન ફેલાવનાર સંતો વિષે તમારી સાથે ચર્ચા કરે છે તો નીચે પૈકી કયા સંતનો તેમની ચર્ચામાં તેઓ ઉલ્લેખ નહિ કરે ?

A. જ્ઞાનેશ્વર B. તુકારામ

C. જયદેવ D. નામદેવ

29. નીચે પૈકી કયું જોડકું યોગ્ય નથી ?

A. જ્ઞાનેશ્વર- ભાગવતગીતા પર જ્ઞાનેશ્વરી નામથી ટીકા લખી.

B. નામદેવ- યુવાનીમાં અધમ માર્ગે હતા.

C. તુકારામ- તેમના દ્વારા રચેલા અભંગો ખુબ જ જાણીતા થયા હતા.

D. એકનાથ- મહારષ્ટ્રમાં ભક્તિ આંદોલનના શ્રીગણેશ કર્યા હતા.

30. અત્યારે તમે પંઢરપુરમાં આવેલ વિઠોબા મંદિરમાં છો,તો તમે ભક્તિ આંદોલન ફેલાનારા કયા વિસ્તારમાં હશો ?

A. રાજસ્થાન B. ગુજરાત

C. પશ્ચિમ બંગાળ D. મહારાષ્ટ્ર

31. સમર્થ ગુરુ રામદાસ સંદર્ભે નીચે પૈકી કયું વિધાન સુસંગત નથી ?

A. તેઓ મહારાષ્ટ્રના એક સંત કવિ હતા.

B. તેઓ છત્રપતિ શિવાજીના ગુરુ હતા.

C. યુવાનીમાં તેઓ અધમ માર્ગે હતા.

D. તેઓએ "દાસબોધ" નામના ગ્રંથની રચના કરી હતી.

32. ભારતમાં સૂફી મત ફેલાવનાર મુખ્ય પરંપરાઓ નીચે પૈકી કઈ હતી ?

A. ચિશ્તી અને સુહરાવર્દી C. ફક્ત A

B. કાદરી અને નક્શબંધી D. A અને B બને

33. નીચે પૈકી કયા સૂફીસંત ચિશ્તી સંપ્રદાયના નથી ?

A. મોઈનુંદીન ચિશ્તી B. શેખ બદ્દીન

C. બાબા ફરીદ D. નીઝામુદીન ઓલિયા

34. તમે ભારતના સૌથી લોકપ્રિય સૂફી પરંપરાના અનુયાયી છો,તો તમે કઈ સૂફી પરંપરા સાથે જોડાયેલા હશો ?

A. ચિશ્તી B. સુહરાવર્દી

C. કાદરી D. નક્શબંધી

35. નીચે પૈકી ચિશ્તી સંપ્રદાયના કયા સંત દક્ષિણ ભારતમાં લોકપ્રિય હતા ?

A. શેખ બુરહાનુંદીન ગરીબ B. શિયાબુદીન સુહરાવર્દી

C. ખ્વાજા બાકી બિલ્લાહ D. કુત્બુદીન બખ્તિયાર

36. ગ્વાલિયરના સૈયદ મોહમ્મદ છૌસ હિંદુ સંતો સાથે વર્ષો સુધી ક્યાં રહ્યા હતા ?

A. હિમાલયના પર્વતોમાં B. ગિરનારની ગુફાઓમાં

C. વિંધ્યાચલના પર્વતોમાં D. સુંદરવનના જંગલોમાં

37. સૂફી સંતોએ તેમની પરંપરામાં નીચે પૈકી કઈ હિંદુ ધાર્મિક વિધિ અપનાવી ન હતી ?

A. સૂફીપંથમાં દાખલ થનારની જનોઈ વિધિ કરાવવામાં આવતી .

B. ઝનબીન (ભિક્ષાપાત્ર) રાખવું

C. મુલાકાતીઓને પાણી ધરવું

D. સંગીતના મુશાયરા યોજવા

# એકમ 8 :- પ્રાદેશિક સંસ્કૃતિનું ઘડતર

પ્રશ્ન- 1. નીચે આપેલા દરેક પ્રશ્નના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી તેના પર ◯ ની નિશાની કરો.

1. પ્રાચીન ભારતમાં નીચે પૈકી કઈ ભાષાનું ચલણ નહોતું ?

A. સંસ્કૃત B. બ્રાહ્મી

C. પ્રાકૃત D. તમિલ

2. ભારતવર્ષમાં નીચે પૈકી કઈ બે ભાષાઓમાંથી અન્ય ઘણી ભાષાઓનો જન્મ થયો ?

A. તમિલ-ગુજરાતી B. બ્રાહ્મી-તમિલ

C. સંસ્કૃત-તમિલ D. સંસ્કૃત-પ્રાકૃત

3. ગુજરાતી ભાષાના વિકાસનો નીચે પૈકી કયો ક્રમ સાચો છે ?

A. સંસ્કૃત-પ્રાકૃત-અપભ્રંશ-ગુજરાતી

B. પ્રાકૃત-સંસ્કૃત-અપભ્રંશ-ગુજરાતી

C. અપભ્રંશ-પ્રાકૃત-સંસ્કૃત-ગુજરાતી

D. પ્રાકૃત-અપભ્રંશ-સંસ્કૃત-ગુજરાતી

4. તમે નરસિંહ મહેતાની કૃતિઓની યાદી બનાવો છો, નીચે પૈકી કઈ કૃતિ તમારી યાદીમાં નહિ હોય ?

A. કુંવરબાઈનું મામેરૂ B. સુદામાચરિત્ર

C. દાણલીલા D. વિનયપત્રિકા

5. નીચે આપેલા વિધાનોની યોગ્યતા તપાસો ?

વિધાન-1 :- બરસાનામાં ઉજવાતી હોળી લઠમાર હોળી તરીકે ઓળખાય છે.

A. વિધાન 1 સાચું અને 2 ખોટું છે

B. વિધાન 1 ખોટું અને 2 સાચું છે.

C. વિધાન 1 અને 2 બને સાચા છે

D. વિધાન 1 અને 2 બને ખોટા છે.

6. “પોંગલ” તહેવાર એ કયા ત્રણ રાજ્યોમાં ઉજવાતો તહેવાર છે ?

A. તમિલનાડુ-કર્નાટક-કેરલ

B. તમિલનાડુ-કર્નાટક-ઓરિસ્સા

C. તમિલનાડુ-કર્ણાટક-મહારાષ્ટ્ર

D. તમિલનાડુ-કર્નાટક-આંધ્રપ્રદેશ

7. "ઓણમ" તહેવાર સંદર્ભે નીચે પૈકી ક્યું વિધાન સુસંગત નથી ?

A. "ઓણમ" એ કેરળમાં ઊજવાતો મહત્વનો તહેવાર છે.

B. નૃત્યોની રમઝટ અને નૌકાસ્પર્ધા આ તહેવારની વિશેષતા છે.

C. "ઓણમ" મલયાલમ કેલેન્ડરના પ્રથમ મહિનામાં 5 દિવસ સુધી ઉજવાતો તહેવાર છે.

D. "ઓણમ" તહેવારમાં સાદિયા નામનું ભોજન લેવામાં આવે છે.

8. નીચે આપેલ કઈ જોડ ખોટી છે ?

A. હોળી - ઉત્તર ભારતમાં વિશેષ મહત્વ

B. લોહડી - રાત્રે અગ્નિ પ્રગટાવી તેની પૂજા પ્રદક્ષિણા કરાય છે.

C. ગુજરાત રાજ્યનો પ્રચલિત તહેવાર - દુર્ગાપૂજા

D. પતેતી- પારસી ધર્મના લોકોનો મુખ્ય તહેવાર

9. ભારતના રાજ્યોમાં વિશેષ મહત્વ ધરાવતા તહેવારોના રાજ્યોને ઉત્તરથી દક્ષીણ તરફ ક્રમમાં ગોઠવો ?

A. લોહડી-હોળી-દુર્ગાપૂજા-પોંગલ

B. લોહડી-દુર્ગાપૂજા-હોળી-પોંગલ

C. લોહડી-પોંગલ-દુર્ગાપૂજા-હોળી

D. લોહડી-પોંગલ-હોળી-દુર્ગાપૂજા

10. નીચે આપેલા વિધાનોની યોગ્યતા તપાસો ?

A. વિધાન 1 સાચું .

B. વિધાન 2 સાચું

C. વિધાન 1 ખોટું અને 2 સાચું

D. વિધાન 1 અને 2 બને ખોટા

11. સિંધી લોકોના તહેવાર "ચેટીચાંદ" સંદર્ભે નીચે પૈકી ક્યું વિધાન સુસંગત નથી ?

A. સિંધી લોકો ચેટીચાંદને નૂતન વર્ષના પ્રથમ દિવસ તરીકે ઉજવે છે.

B. તે દિવસે સિંધી લોકો પોતાના ઈષ્ટદેવ ઝૂલેલાલની શોભાયાત્રા કાઢે છે.

C. તે દિવસે સિંધીલોકો મૌનવ્રત રહે છે.

D. તે દિવસે સિંધીલોકો પ્રસાદી તરીકે "તાહીરી"(મીઠોભાત) વહેંચે છે.

12. ગુજરાનો પ્રખ્યાત તહેવાર "નવરાત્રી" દર વર્ષે ક્યારે ઉજવવામાં આવે છે ?

A. આસો વદ એકમથી આસો વદ નોમ સુધી.

B. આસો સુદ એકમથી આસો સુદ નોમ સુધી.

C. મહા સુદ એકમથી મહા સુધ નોમ સુધી.

D. વૈશાખ વદ એકમથી વૈશાખ વદ નોમ સુધી.

13. નીચે પૈકી જોડકાનો કયો યોગ્ય ક્રમ લખો

| "અ" | "બ" |
|---|---|
| 1. તરણેતરનો મેળો | A. સાબરકાંઠા |
| 2. ભવનાથનો મેળો | B. ગરબાડા-દાહોદ |
| 3. ગોળગધેડાનો મેલો | C. જુનાગઢ |
| 4. ચિત્ર-વિચીત્રનો મેળો | D. સુરેન્દ્રનગર |

A. (1-D), (2-C),(3-B),(4-A)

B. (1-C), (2-D),(3-B),(4-A)

C. (1-A), (2-B),(3-C),(4-D)

D. (1-B), (2-A),(3-D),(4-C)

14. નીચે પૈકી કયું વિધાન કથક નૃત્ય સાથે સુસંગત નથી ?

A. કથક શબ્દ "કથા" પરથી ઊતરી આવ્યો છે.

B.કથક નૃત્યના વિષયોમાં શિવ-પાર્વતીની કથાઓનો સમાવેશ થતો.

C. મુગલ બાદશાહ જહાંગીરે કથક નૃત્યકલાને પૂનર્જીવન આપ્યું હતું.

D. સ્વતંત્રતા મળ્યા પછી કથકને ભારતીય નૃત્યોમાં સ્થાન ન મળ્યું.

15. નીચે આપેલા વિધાનો કયા સંદર્ભમાં ઉચીત છે ?

વિધાન-1 :- આ નૃત્યમાં બે પ્રકાર છે "લાસ્ય અને તાંડવ"

વિધાન-2 :- આ નૃત્યમાં શરીરની ગતિ ધીમી હોવાથી તેને ભારતના નૃત્યોથી અલગ ગણવામાં આવે છે.

A. કથક B. કથકલી

C. ભરતનાટ્યમ D. મણિપુરી

16. નીચે આપેલા વિધાનોની યોગ્યતા ચકાસો

વિધાન-1 :- આ નૃત્યના સ્થાપક વૈષ્ણવ કવિ સિધ્વેન્દ્ર યોગી હતા.

વિધાન-2 :- આ નૃત્યમાં ઢોલ પેપા અને વાંસળીનો ઉપયોગ કરવામાં આવે છે.

A. વિધાન 1 બિહુ અને વિધાન 2 કથકલી સાથે સુસંગત છે.

B. વિધાન 1 કથકલી અને વિધાન 2 બિહુ સાથે સુસંગત છે.

C. વિધાન 1 અને 2 બને કથકલી સાથે સુસંગત છે.

D. વિધાન 1 અને 2 બને બિહુ સાથે સુસંગત છે.

# એકમ- 9 :- અઢારમી સદીના રાજકીય શાસકો

પ્રશ્ન- 1. નીચે આપેલા દરેક પ્રશ્નના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી તેના પર ◯ ની નિશાની કરો.

1. પાણીપતનાં યુદ્ધ સબંધે નીચે પૈકી કઈ બાબત સુસંગત નથી ?

A. ઈરાનના શાહનું આક્રમણ.

B. આ યુધ્ધમાં મરાઠાઓની હાર થઈ.

C. આ યુધ્ધથી અંગ્રેજો ભારતમાં સ્થાયી થયા.

D. આ યુદ્ધ પછી બાલાજી બાજીરાવનું અવસાન થયું.

2. મુઘલ શાસકોને તેમના શાસનના કાળ ક્રમ મુજબ પ્રથમથી અંતિમ ક્રમમાં મૂકો ?

A. બાબર, અકબર,હુમાયુ,જહાંગીર

B. બાબર,હુમાયુ,અકબર,જહાંગીર

C. બાબર,હુમાયુ,જહાંગીર,અકબર

D. બાબર,જહાંગીર,અકબર,હુમાયુ

3. નીચે પૈકી કઈ બાબત મહારાજા રણજીતસિંહ સાથે બંધ બેસતી નથી ?

A. અમૃતસર અને લાહોર પર વિજય મેળવ્યા.

B. તેમના સૈન્યમાં યુરોપિયન સેનાપતિ અને સૈનિકો હતા.

C. તેમણે લાહોરમાં તોપનું કારખાનું સ્થાપ્યું હતું.

D. તેમણે અમૃતસરને બ્રિટિશ શાસનમાં ભેળવવા સંધિ કરી હતી.

4. નીચે પૈકી કયા શાસક પાસે પેશ્વા પદ નહોતું ?

A. બાલાજી વિશ્વનાથ

B. બાલાજી બાજીરાવ

C. મલ્હારરાવ પ્રથમ

D. બાજીરાવ પ્રથમ

5. નીચેના સ્થળો પૈકી કયા સ્થળે વેધશાળા આવેલી નથી ?

A. ઉજ્જૈન

B. મથુરા

C. જયપુર

D. બિકાનેર

6. જયપુર : સવાઈ જયસિંહ,પંજાબ : ..............................?

A. ગુરુનાનક

B. ગુરુ ગોવિંદ સિંહ

C. મહારાજા રણજીતસિંહ

D. ગુરુ અર્જુનદેવ

7. નીચે આપેલા 18મી સદીના ભારતના પ્રદેશોને દક્ષિણથી ઉત્તરના ક્રમમાં ગોઠવો ?

A. મરાઠા,માળવા,જાટ,શીખ

B. મરાઠા,શીખ,માળવા,જાટ

C. મરાઠા,જાટ,શીખ,માળવા,

D. મરાઠા,માળવા,શીખ,જાટ

8. પેશ્વા બાજીરાવ પ્રથમ સંદર્ભે નીચે પૈકી કઈ બાબત સુસંગત નથી ?

A. તેઓ કુશળ યોદ્ધા અને ચતુર રાજનીતિજ્ઞ હતા.

B. તેમણે ઘણા મુઘલ વિસ્તારો જીતી મરાઠા સામ્રાજ્યમાં ભેળવી દિધા.

C. તેમણે હૈદ્રાબાદના નિજામને હરાવ્યો.

D. તેમણે બંગાળથી મૈસુર સુધી વિજયો મેળવ્યા હતા.

9. મરાઠા સામ્રાજ્યમાં જેવું પેશ્વા પદ હતું તેવું હાલની સરકારમાં વહીવટી વડામાં ક્યું પદ છે ?

A. રાષ્ટ્રપતિ, B. પ્રધાનમંત્રી

C. નાણાપ્રધાન D. ગૃહપ્રધાન .

10. ભારતમાં બ્રિટિશ સત્તાના ઉદય માટે ક્યું કારણ જવાબદાર નહોતું ?

A. મરાઠાઓ અને અબદાલી વચ્ચે પાણીપતનું ત્રીજું યુદ્ધ

B. બાલાજી બજીરાવનું અવસાન

C. A સને B બને

D. ઉપરોક્ત એક પણ નહિ

# એકમ 10 :- પૃથ્વીની આંતરિક રચના અને ભૂમિસ્વરૂપો

પ્રશ્ન- 1. નીચે આપેલા દરેક પ્રશ્નના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી તેના પર ◯ ની નિશાની કરો.

1. નીચેનામાંથી ક્યું વિધાન જળકૃત ખડકોને લાગુ પડતુ નથી ?

A. ખડકો ઘસાઈ , અથડાઈને નાના ટુકડામાં ફેરવાય છે.

B. આ નિક્ષેપ પવન હવા,પાણી વગેરે દ્વારા એક સ્થળેથી બીજા સ્થળે પહોંચે છે.

C. આ નિક્ષેપિત ખડક દબાઈ અને નક્કર બની ખડકના સ્થળ બનાવતું નથી.

D. આ પ્રકારના ખડકો ને પ્રસ્તર ખડકો કહેવામાં આવે છે.

2. તાજમહેલ બનાવવા માટે વપરાયેલ એ કયા ખડકો છે ?

A. જળકૃત ખડકો C. અગ્નિકૃત ખડકો

B. રૂપાંતરિત ખડકો D. પ્રસ્તર ખડકો

3. સામાન્ય પદ્ધતિથી ભૂકંપની સંભાવનાનો અનુમાન અનેક લોકો નીચેના માંથી શાના પરથી કરી શકતા નથી ?

A. પ્રાણીઓના વર્તનનો અભ્યાસ. C. સરીસૃપ ની પૃથ્વી સપાટી પર આવવું.

B. તળાવની માછલીઓ ની તીવ્ર હેરફેર. D. મોર નૃત્ય કરવું.

4. સ્તર મુખ્યત્વે કયા ખનિજ તત્વોનું બનેલું છે ?

A. સિલિકા અને એલ્યુમિનિયમ B. સીલીકા અને મેગ્નેશિયમ

C. મેગ્નેશિયમ અને એલ્યુમિના D. સિલિકા અને નિકલ

5. નીચેનામાંથી કયું કાર્ય હિમ નદીનું નથી ?

A. હિમ નદી હીમાચ્છાદીત પર્વતીય ક્ષેત્રોમાં બરફની નદીઓ બને છે.

B. હિમ નદી દિવાલ જેવા સ્વરૂપ સ્ટેક નો નિર્માણ કરે છે.

C. હિમ નદી ઘસારણ દ્વારા યુ આકારની ખીણનું નિર્માણ કરે છે.

D. હિમ નદી પીગળતા પર્વતીય ક્ષેત્રોમાં આવેલા પુત્રોમાંથી પાણી ભરાઈ સરોવરનું નિર્માણ થાય છે.

6. પૃથ્વીના બે પ્રકાર છે.

A. બાહ્ય અને આંતરિક

C. પૃથ્વીનો પોપળો અને સાગરતળ

B. મહાદ્વીપ અને મહાસાગર

D. પથરાળ જમીન અને લાવાભાગ

7. આંતરિક ભાગ નીચેનામથી કયા પ્રકારે જોવા મળે છે ?

A. ગેસ

B. દ્રવ્ય

C. કઠણ

D. દ્રાવ્ય અને કઠણ

8. તમારા ઘરમાં અનાજ દળવા માટેની ઘંટીમાં કયા પ્રકારનો પત્થર વપરાયો હશે ?

A. અગ્નિકૃત ખડક

B. જળકૃત ખડક

C. રૂપાંતરિત ખડક

D. ચુનાના પથ્થર

9. પૃથ્વીની આંતરિક રચના માટે નીચેનું કયું વિધાન બંધબેસતું નથી ?

A. પૃથ્વી સપાટીના સૌથી ઉપલા સ્તરને “ભૂકવચ' કહે છે.

B. પૃથ્વી સપાટીનું ઉપલું સ્તર બહુ જ ઘટ્ટ છે.

C. પૃથ્વીસપાટીનું ઉપલું સ્તર ભૂમિખંડ પર 35 કિલોમીટર સુધી હોય છે.

D. ભૂમિખંડની સપાટી ખાસ કરીને “સિલિકા” અને “ઍલ્યુમિના” જેવા ખનિજોથી બનેલ છે.

10. નિર્માણ-પ્રક્રિયાના આધારે ખડકોના પ્રકારોમાં કયા પ્રકારનો સમાવેશ કરી શકાય નહિ ?

A. અગ્નિકૃત ખડકોનો

B. પ્રસ્તર ખડકોનો

C. વિકૃત ખડકોનો

D. અવશિષ્ટ ખડકોનો

11. કયા ખનિજનો ઉપયોગ ઈંધણ તરીકે થતો નથી ?

A. કોલસો

B. સ્લેટ

C. ખનીજતેલ

D. કુદરતી વાયુ

12. કઈ પ્રક્રિયા પૃથ્વીની સપાટી પર વિભિન્ન

ભૂમિસ્વરૂપોનું નિર્માણ કરે છે ?

A. ઘસારણ અને નિક્ષેપણની

B. અતિવૃષ્ટિ અને અનાવૃષ્ટિ

C. ઠંડી અને ગરમી

D. ઉદ્યોગિકરણ અને શહેરીકરણ

# એકમ 12 :- વાતાવરણની સજીવો પર અસરો

પ્રશ્ન- 1. નીચે આપેલા દરેક પ્રશ્નના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી તેના પર ◯ ની નિશાની કરો.

1. તાપમાન વિતરણને અસર કરતાં મહત્વના પરિબળ તરીકે નીચેનામાંથી કયો વિકલ્પ સાચો છે ?

A. હવામાન

C. સુર્યઘાત

B. આબોહવા

D. સૂર્ય

2. હવામા રહેલી ગરમીની સપાટી કે જેમાં રાત દિવસ અને ઋતુઓ પ્રમાણે ફેરફાર થાય છે ?

A. તાપમાન

C. આબોહવા


B. હવામાન

D. વાતાવરણ નુ દબાણ

3. 99 % હવા ધરાવતું વાયુ સ્વરૂપનું પડ એટલે ?

A. વાતાવરણ B. જીવાવરણ C. મૃદાવરણ D. જલાવરણ

આકૃતિ પરથી પ્રશ્નોના જવાબ (4 થી 6)




4. આપેલ આકૃતિ મુજબ વાતાવરણમાં કયો વાયુ સૌથી વધુ પ્રમાણમાં છે ?

A.ઓક્સિજન

C.નાઈટ્રોજન

B.કાર્બન ડાયોક્સાઈડ

D. ઓર્ગોન

5. પ્રાણવાયુ અને અંગારવાયુની ટકાવારીના પ્રમાણને ચડતા ક્રમમાં ગોઠવતા નીચેનામાંથી કયો વિકલ્પ બંધ બેસતો હશે ?

A. 0.03, 20.99

B. 20.99, 0.03

C. 0.03, 20.09

D. 0.30, 20.90

6. અન્ય વાયુઓ અને કાર્બન ડાયોક્સાઇડના પ્રમાણની બાબતે નીચેનામાંથી ક્યો વિકલ્પ સાચો છે ?

A. કાર્બન ડાયોક્સાઇડ અને અન્ય વાયુઓ સપ્રમાણમાં છે.

B. કાર્બન ડાયોકસાઇડનું પ્રમાણ અન્ય વાયુઓ કરતાં 0.02 % વધુ છે.

C. અન્ય વાયુઓનું પ્રમાણ વાતાવરણમાં નહિવત છે.

D. ઉપરના ત્રણેય વિધાન યોગ્ય છે.

7. વાતાવરણના સ્તરને અનુલક્ષીને નીચેના પૈકી કયું વિધાન સાચું નથી ?

A. વાતાવરણના સ્તરને ચાર પેટા આવરણોમાં વિભાજિત કરવામાં આવે છે.

B. વાતાવરણના સૌથી ઉપરના સ્તરમાં ઉષ્માવરણ આવેલું છે.

C. ક્ષોભ -સીમાથી ઉપર સમતાપ આવરણનું  સ્તર આવેલું છે.

D. વાતાવરણના પ્રથમ સ્તરને સમતાપ આવરણ કહે છે.

8. જેમ જેમ ઊંચાઈએ જઈએ તેમ તેમ તાપમાન વધતું જાય - આ વિધાન વાતાવરણના કયા આવરણને લાગુ પડે છે ?

A. સમતાપ આવરણ

C. A અને B બંને

B. ઉષ્મા આવરણ

D. ઉપરના માંથી એક પણ નહીં

9. પૃથ્વી સપાટીથી ઊંચાઈ તરફ જતા વાતાવરણનુ દબાણ __________

A.વધે છે.

C.સપ્રમાણ રહે છે.

B.ઘટે છે.

D. કોઈ અસર કરતું નથી.

10.  નીચેની પ્રક્રિયા માટે જરૂરી ઘટકને "અ " વિભાગ મુજબ"બ" વિભાગમાં ગોઠવો.

અ - બાષ્પીભવન : પાણી

બ - ઘનીભવન : ________

A. વાદળ

C. ભેજ

B. હવા

D. રજકણો

11. નીચેનામાંથી કયું વિધાન આબોહવાની માનવજીવન પર સીધી અસર દર્શાવે છે ?

A. લદ્દાખના લોકોના પહેરવેશ ઊનના બનેલા હોય છે.

B. વધુ વરસાદ વાળા પ્રદેશોમાં ઘરના છાપરા તીવ્ર ઢોળાવ વાળા હોય છે.

C. અરબસ્તાનમાં લોકો ઉડતી રેતીથી બચવા માથે રૂમાલ કે કપડું વીંટાળે છે.

D. ઉપરના બધા જ વિકલ્પ યોગ્ય છે.

12. ઉત્તર ભારતમાં જોવા મળતી ઑક વનસ્પતિ આપ નીચેનામાંથી કઈ જગ્યાએ જોઈ શકશો ?

A. ન્યુઝીલેન્ડ

C. ઈજિપ્ત

B. બ્રાઝિલ

D. ઉપર માંથી એક પણ નહીં

13. ઈન્ડિયન મટીરીયલ ઓજી ડિપાર્ટમેન્ટનો પ્રાદેશિક કેન્દ્ર નીચેનામાંથી કયા શહેરમાં નથી ?

A. નાગપુર

B. કોલકાતા

C. મુંબઈ D. દિલ્હી

14. 'અ' વિભાગ ની વિગતો 'બ' વિભાગ સાથે જોડી સાચી જોડણીનો વિકલ્પ પસંદ કરો.

| જંગલ નો પ્રકાર | આબોહવા |
| --- | --- |
| 1. ઉષ્ણકટિબંધીય બારે માસ લીલા જંગલો | i ઉનાળામાં ગરમ, શિયાળામાં ઠંડી |
| 2. ભૂમધ્ય સાગરના જંગલો | ii શીત પ્રકારની |
| 3. શંકુદ્રુમ જંગલો | iii ગરમ અને ભેજની |

A. 1-iii, 2-i, 3-ii

B. 1-ii, 2-iii, 3-i

C. 1-iii, 2-ii, 3-i

D. ઉપરના માંથી એક પણ નહીં

15. 'અ' વિભાગ અને 'બ' વિભાગમાં આપેલી માહિતીમાં નીચેનામાંથી કઈ બાબતે સામ્યતા દર્શાવે છે ?

અ : આફ્રિકા - સવાના

બ : કચ્છ - બન્ની

A. બંને વિસ્તારોમાં વરસાદનું ઓછું પ્રમાણ ધરાવે છે

B. બંને વિસ્તારની જીવન શૈલી એકબીજાને મળતી આવે છે

C. બંને વિસ્તારમાં ઘાસ ના મેદાનો આવેલાં છે

D. બંને વિસ્તારમાં કાળિયાર અને જિરાફ જોવા મળે છે

16. ધ્રુવીય પવનની દિશા ઋતુ પ્રમાણે બદલાય છે.

ઉપરોક્ત વિધાન સાચું બનાવવા નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

A. મોસમી પવનોની દિશા ઋતુ પ્રમાણે બદલાય છે.

B. ધ્રુવીય પવન બારેમાસ નિશ્ચિત દિશામાં વાય છે.

C. A અને B બંને.

D. ઉપર માંથી એક પણ નહીં..

# એકમ 13 :- આપત્તિ અને વ્યવસ્થાપન

પ્રશ્ન- 1. નીચે આપેલા દરેક પ્રશ્નના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી તેના પર ◯ ની નિશાની કરો.

1. 26 મી ડિસેમ્બર 2004 ના હું હિંદ મહાસાગરના તટવર્તી દેશ ભારતમાં હતી તો મેં કઈ આપત્તિનો સામનો કર્યો હશે ?

A. ભૂકંપ B. ત્સુનામી C. પુર D. ચક્રવાત

2. થોમસ અમેરિકામાં રહે છે વાતાવરણના વિક્ષેપ રચાતા તોફાની પવનો અને તે કયા નામે ઓળખતો હશે ?

A. ટોર્નેડો B. હરિકેન C. ટાયફુન D. વિલી વિલી

3. મારા વિસ્તારમાં પુર આવ્યું છે તો હું તે ઘટનાને શેની સાથે જોડીશ ?

A. મહાસાગર B. નદી C. પર્વત D. ટાપુ

4. કચ્છમાં દુષ્કાળ પડ્યો છે તો મગનના પાલતુ પ્રાણીઓ કઈ સમસ્યાનો સામનો કરશે ?

A. હલન ચલન B. પ્રજનન C. રહેઠાણ D. ચારાની

5. તમારી મમ્મી પૂર ઓસર્યા બાદ કેવા પ્રકારનું પાણી ગાળીને વાપરશે ?

A. ઉકાળેલું B. વહેતા પ્રવાહની

C. બે વાર ગાળેલું D. ચોખ્ખું દેખાતું

6. તમારા વિસ્તારમાં ભૂકંપ આવ્યો છે તો તમે નીચેનામાંથી શું નહીં કરો ?

A. વીજળીના થાંભલા અને તારાથી દૂર રહેશો.

B. વર્ગખંડમાં પાટલી નીચે બેસી જશો.

C. સાચા સમાચાર ટીવી કે રેડિયો દ્વારા જાણશો.

D. ઉંચા મકાનો માંથી નીચે ઉતરવા લિફ્ટ વાપરશો.

7. નીચેનામાંથી કઈ સાવચેતી વાવાઝોડા પહેલાં રાખવી જરૂરી છે

A. તંત્રની સુચના મુજબ સ્થળાંતરિત થઈ જવું.

B. વીજળી અને ગેસના જોડાણો બંધ કરી દેવા.

C. રાહત અને બચાવની કામગીરીમાં મદદરૂપ બનવું.

D. ખાવાની વસ્તુઓ ટોર્ચ પીવાનું પાણી કપડાં વગેરે તૈયાર કરી લેવા.

8. વાવાઝોડા દરમિયાન નીચેનામાંથી કઈ બાબત ન કરવી જરૂરી નથી ?

A. જો તમે શાળામાં હો તો વર્ગખંડની બહાર નીકળો.

B. પ્રાણીઓને ખીલેથી છોડી મુકો.

C. જાહેરાતના બોર્ડ કે વૃક્ષો નીચે આશરો ન લેવો .

D. બારી બારણા ખોલી નાખવા.

9. ત્સુનામી માટે નીચેનામાંથી કયું વાક્ય લાગુ પડતું નથી ?

A. ભૂસ્ખલનથી પેદા થતા વિનાશક મોજા ત્સુનામી કહેવાય છે .

B. ત્સુનામીની ઉત્પત્તિ માટે સાગર ચડતા ભૂકંપો કારણભૂત છે.

C. આધુનિક ઉપગ્રહ આધારિત સાધનોની મદદથી ત્સુનામીનો ચોક્કસ અંદાજ કાઢી શકાતો નથી.

D. આ મોજા તેના ઉત્પત્તિ સ્થાનેથી વલયાકારે વિસ્તરી કિનારે આવે ત્યારે ભારે વિનાશકારી બની જાય છે.

10.  આ પ્રકારની નિશાની તમને કઈ આપત્તિ આવવાની સંભાવના દર્શાવતા વિસ્તારમાં જોવા મળશે ?

A. ભૂકંપ B. પૂર C. ત્સુનામી D. વાવાઝોડું

11. પૂર માટે નીચેનામાંથી કયું માનવસર્જિત કારણ જવાબદાર નથી ?

A. કુદરતી ઢોળાવને અવગણી કરાયેલ બાંધકામ.

B. કુદરતી જળ નિકાલના માર્ગોમાં અવરોધ.

C. એકધારા વરસાદકે અતિવૃષ્ટિ .

D. એક પણ નહીં.

12. નીચેનામાંથી કઈ સાવચેતી પૂર બાદ રાખવાની જરૂર નથી ?

A. પુરના પાણીથી બનાવેલો ખોરાકન ખાવો.

B. સાપ અને વિંછી ઉપદ્રવ સામે સજાગ રહેવું.

C. પાણીને જંતુ રહિત બનાવી ઉપયોગમાં લેવાતું.

D. રસ્તા ખુલ્લા થયાની જાણકારી વગર બહાર જવું.

13. દુષ્કાળ માટે નીચેના માંથી કયું વાક્ય સુસંગત નથી ?

A. દુષ્કાળ વિનાશકારી અને લાંબા સમય સુધી પોતાની માઠી અસર છોડે એવી કુદરતી આપત્તિ છે.

B. મોસમી આબોહવામાં દુષ્કાળ સમયાંતરે પડવા એવી લાક્ષણિકતા છે.

C. આપત્તિ સમગ્ર જીવસૃષ્ટિના અસ્તિત્વ માટે અત્યંત આવશ્યક ભૌતિક સગવડો સાથે જોડાયેલી છે.

D. જે વર્ષે વરસાદ ઓછો કે સાવ ન વરસે ત્યારે આ સમસ્યા ઉદ્‌ભભવે છે.

14. નીચેનામાંથી કઈ અસર આપત્તિના લીધે થતી નથી ?

A. ભારે પ્રમાણમાં જાનમાલનું નુકસાન કરે છે.

B. જે પરિવારોએ કમાનાર વ્યક્તિ ગુમાવ્યા હોય તેમની સ્થિતિ ભારે કફોડી થાય છે.

C. જે લોકો કાયમી વિકલાંગતાનો ભોગ બને તેનું પુનર્વસન સરળતાથી થઈ જાય છે.

D. આપત્તિગ્રસ્ત ક્ષેત્રોમાં રસ્તા, મકાનો,જાહેરસગવડના મકાનો ફરીથી બાંધતા વર્ષો નીકળી જાય છે.

15. આપત્તિને સામાન્ય વ્યવહારમાં લોકો નીચેનામાંથી શું કહે છે ?

A. આપદા

B. આપદા, પ્રકોપ

C. આપદા,હોનારત કે પ્રકોપ

D. એક પણ નહીં

16 . નીચેનામાંથી કઈ આગાહીની પૂર્વ આગાહી શક્ય નથી ?

A. ભૂકંપ, પુર , વાવાઝોડુ

B. ભૂકંપ,જ્વાળામુખી,દુષ્કાળ

C. ભૂકંપ, દાવાનળ, ત્સુનામી

D. દાવાનળ , ભૂકંપ,જ્વાળામુખી

# એકમ 14 :- સંસાધનોનું જતન અને સંરક્ષણ

પ્રશ્ન- 1. નીચે આપેલા દરેક પ્રશ્નના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી તેના પર ◯ ની નિશાની કરો.

1. સંસાધન વિશે કયું વિધાન/વિધાનો સાચા છે ?

1. પૃથ્વી પરથી મળતાં માનવીને ઉપયોગી કુદરતી પદાર્થો.

2. સંસાધનો કુદરતી અને માનવસર્જિત હોય છે.

3. માનવી પણ એક સંસાધન છે.

A. માત્ર- 1 B. માત્ર- 2 અને 3 C. માત્ર- 1 અને 2 D. આપેલ તમામ

2. સંસાધનોના મુખ્ય બે જુથ ક્યાં છે ?

A. કુદરતી અને માનવસર્જિત B. જૈવિક અને અજૈવિક

C. ક્રિયાશીલ અને મૃતપ્રાય D. ઉપયોગી અને બિનઉપયોગી

3.માનવ સંસાધનમાં કઈ વિગતોનો સમાવેશ થાય છે ?

A. સ્વાસ્થ્ય,કૌશલ્ય,જ્ઞાન B. બુદ્ધિ, સ્વાસ્થ્ય,કૌશલ્ય

C. જ્ઞાન, બુદ્ધિ, સ્વાસ્થ્ય D. જ્ઞાન, બુદ્ધિ,કૌશલ્ય,સ્વાસ્થ્ય

4. સંસાધનનું રક્ષણ એટલે...........?

A. સંસાધનો વાપરવા નહી. C. સંસાધનોને યોગ્ય જગ્યાએ મુકી દેવા.

B. સંસાધનોનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવો. D. નવા નવા સંસાધનો બનાવવા

5. ICAR નુ પૂરું નામ જણાવો ?

A. ભારતીય કૃષિ મંડળ C. આંતરરાષ્ટ્રીય કૃષિ મંડળ

B. ભારતીય કૃષિ સંસોધન પરિષદ D. આંતરરાષ્ટ્રીય કૃષિ સંસોધન પરિષદ

6. જમીનના ધોવાણ અને સંરક્ષણ બાબતે કઈ વિગત યોગ્ય છે ?

A. જમીનનું ધોવાણ ગતિશીલ પાણી કે હવા દ્વારા થાય છે.

B. પડતર જમીનમાં વૃક્ષોનું વાવેતર કરવાથી જમીનનું ધોવાણ ઓછું થાય.

C. ઢોળાવવાળી જમીનમાં પગથિયાં પદ્ધત્તિથી ખેતી કરવી.

D. આપેલ તમામ

7. જળ સંરક્ષણ બાબતે ક્યા ઉપાય/ઉપાયો યોગ્ય છે ?

A. નદીના પાણીને રોકીને જળ સંચયન કરવું.

B. શોષકૂવા,ખેતતલાવડી વગેરેબનાવી વરસાદી પાણીને એકઠું કરવું.

C. નદીઓના પાણીને પ્રદૂષણથી બચાવવા

D. આપેલ તમામ

8. માનવ સંસ્કૃતિમાં વિકાસના તબક્કાઓનો સાચો ક્રમ કયો છે?

A. પાષાણયુગ,કાંસ્યયુગ,તામ્રયુગ,લોહયુગ, અણુયુગ B. પાષાણયુગ,તામ્રયુગ, કાંસ્યયુગ, લોહયુગ, અણુયુગ

C. તામ્રયુગ,પાષાણયુગ,કાંસ્યયુગ,અણુયુગ,લોહયુગ D. તામ્રયુગ,કાંસ્યયુગ,પાષાણયુગ લોહયુગ,અણુયુગ

9. જંગલોના મહત્વ બાબતે કઈ વિગત બંધબેસતી છે ?

A. સાગ અને સાલનું લાકડું ઈમારતી લાકડા તરીકે વપરાય છે.

B. દેવદાર અને ચીડના લાકડામાંથી રમતગમતના સાધનો બને છે.

C. જંગલમાંથી લાખ, ગુંદર,મધ ઔષધિ વગેરે મળે છે.

D. આપેલ તમામ

10. વન સંરક્ષણના ઉપાયો બાબતે શું ખોટું છે ?

A. પડતર જમીનમાં વૃક્ષારોપણ કરવું.

B. વિવિધ સ્પર્ધાઓ,પ્રવૃતિઓ દ્વારા જંગલોનું મહત્વ સમજાવવું.

C. વૃક્ષારોપણ ,વનમહોત્સવ જેવા કાર્યક્રમો અટકાવવા.

D. જંગલખાતાના કાર્યક્ષેત્રને ગુણવત્તાસભર બનાવવું.

11. નીચે આપેલ જોડને યોગ્ય રીતે જોડો.

| ઉજવણી | તારીખ |
| --- | --- |
| 1. વિશ્વવનદિવસ | a. 5મી જૂન |
| 2. વિશ્વ પર્યાવરણ દિવસ | b. 29મી ડિસેમ્બર |
| 3. વન્ય પ્રાણી દિવસ | c. 21મી માર્ચ |
| 4. જૈવ વિવિધતા દિવસ | d. 4 ઓક્ટોમ્બર |

A. 1-c, 2-a, 3-d, 4-b B. 1-d, 2-a, 3-b, 4-c

C. 1-a, 2-c, 3-d, 4-b D. 1-a, 2-c, 3-b, 4-d

12. નીચે આપેલ કઈ વિગત અસંગત છે ?

A. જમ્મુકાશ્મીર અને લદ્દાખ- કાશ્મીરીમૃગ,જંગલી બકરીઓ

B. અસમ અને પશ્ચિમબંગાળ – એક શિંગી ગેંડો

C. કચ્છના નાના રણ – સિંહ

D. ઉત્તરાખંડ,કેરલ,અસમ – હાથી

13. રીંછ માટેનું અભ્યારણ્ય ક્યાં આવેલું છે ?

A. દાંતા,જેસોર, વિજયનગર B. રતનમહાલ C. ડેડીયાપાડા D. આપેલ તમામ

14. નીચેનામાંથી ક્યાં પક્ષીઓ- પ્રાણીઓ લુપ્ત થવાને આરે છે ?

1.ચકલી,ગીધ, ઘુવડ 2.ઘોરાડ,સારસ 3.ઘડિયાળ (મગર)4. ગંગેય ડોલ્ફિન

A. માત્ર- 1 B. માત્ર- 3 અને 4 C. માત્ર- 1 અને 2 D. આપેલ તમામ

15. વન્યજીવ સંરક્ષણ માટે આપેલ વિધાનોમાં કયું વિધાન લાગુ પડશે?

1.જંગલમાં લાગતી આગને ઓલવવી નહી.

2.વન્યજીવોને તબીબી સારવાર મળે તેવા પ્રયત્નો કરવા.

3.વન્યજીવો પર થતાં અત્યાચાર અને શિકારની પ્રવૃતિઓ અટકાવવી.

A. માત્ર- 1 B. માત્ર- 1 અને 3 C. માત્ર- 2 અને 3 D. આપેલ તમામ

16. સહરાના રણ બાબતે કઈ વિગત સાચી છે ?

A. સહરાનું ગરમ રણ વિશ્વનું સૌથી મોટું રણ છે જે આફ્રિકામાં આવેલ છે.

B. સહરાના રણની આબોહવા ગરમ અને શુષ્ક છે.

C. દિવસનું તાપમાન 50° સે. તો રાત્રીનુ 0° સે.જેટલું તાપમાન થાય છે.

D. આપેલ તમામ

17. લદ્દાખના રણ બાબતે કઈ વિગત અસંગત છે ?

A. લદ્દાખએ ભારતનું ઠંડુ રણ છે.

B. આ રણ લદ્દાખ કેન્દ્રશાસિત પ્રદેશમાં આવેલું છે.

C. આ રણ પ્રદેશમાં ખનીજતેલ સારા પ્રમાણમાં મળે છે.

D. આ રણ પ્રદેશની ઉત્તરે કારાકોરમ અને દક્ષિણે જાસ્કરની પર્વતશ્રેણી આવેલી છે.

18. લદ્દાખ બાબતે કઈ વિગત ખોટી છે ?

A. લોકો પ્રાકૃતિક વસ્તુઓનો ખૂબ દૂરઉપયોગ કરીને જીવે છે.

B. લોકોની રોજગારી મોટેભાગે પ્રવાસન ઉદ્યોગ સાથે જોડાયેલી છે.

C. લોકોના ઉત્સવો અને ધાર્મિક અનુષ્ઠાનો જોવા એ લાહવો છે.

D. દેશ- વિદેશથી લોકો અહી ફરવા આવે છે.

19. કચ્છના રણ બાબતે કઈ વિગત સાચી છે ?

A. ગુજરાત રાજ્યની ઉત્તર-પશ્ચિમ સરહદે આવેલું છે.

B. કચ્છના રણના બે ભાગ પડે છે- 1.મોટું રણ 2.નાનું રણ.

C. આ રણ થરના રણનો એક ભાગ છે.

D. આપેલ તમામ

20. તમે પ્રવાસ કરવા નીકળ્યા હોય અને તમને વિવિધ હિમનદીઓ, ઘાસનાંમેદાન,બૌધ મઠો વગેરે જોવા મળે તો તમે ક્યાં વિસ્તારમાં હશો ?

A. સહરાનું રણ B. કચ્છનું રણ

C. લદ્દાખનું રણ D. આપેલ તમામ

# એકમ 15 :- લોકશાહીમાં સમાનતા

પ્રશ્ન- 1. નીચે આપેલા દરેક પ્રશ્નના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી તેના પર ◯ ની નિશાની કરો.

1. નીચેનામાંથી કઈ સમાનતા કાયદાના આધારે પ્રાપ્ત થયેલી નથી ?

A. ભાષા અને બોલીના આધારે સમાનતા. C. લિંગ આધારિત સમાનતા.

B. શિક્ષણ મેળવવામાં સમાનતા. D. આવક આધારિત સમાનતા.

2. નીચેનામાંથી કઈ વ્યવસ્થા ચુંટણીપંચ નથી કરતું ?

A. ધાક ધમકી ડર વગરનું મતદાન.

B. વધુમાં વધુ લોકોને મતદાન માટે જાગૃત કરવા.

C. ચુંટણીમાં ઉમેદવારો ઉભા રાખવા.

D. દિવ્યાંગ મતદારો માટે વિશેષ સુવિધાઓ કરવી.

3. આપણા વિકાસ સાથે સૌના સર્વાંગીણ વિકાસ દ્વારા દેશના વિકાસ માટે બંધારણમાં કયો ધિક્કાર આપવામાં આવ્યો છે ?

A. સંપતિનો અધિકાર. B. મતદાનનો અધિકાર

C. સમાનતાનો અધિકાર. D. આવક મેળવવાનો અધિકાર

4. નીચેમાંથી કઈ અસમાનતા નથી ?

A. મહિલાઓને ઓછી મંજૂરી આપવી C. બાળ મજૂરી કરાવવી

B. વ્યક્તિનું આર્થિક શોષણ કરવું D. સૌને માટે શિક્ષણ

5. લોકશાહી દેશમાં શેને ખૂબ જ મહત્વ આપવામાં આવે છે ?

A. સમાનતાને. B. સંરક્ષણને

C. શિક્ષણને. D. ભોજનને

6. દેશની સૌથી મોટી પંચાયતની ચૂંટણી એટલે કઈ ચૂંટણી ?

A. ગ્રામ પંચાયતની ચૂંટણી C. જિલ્લા પંચાયતની ચૂંટણી

B. તાલુકા પંચાયતની ચૂંટણી D. સંસદની ચૂંટણી

# એકમ 16 :- રાજય સરકાર

પ્રશ્ન- 1. નીચે આપેલા દરેક પ્રશ્નના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી તેના પર ◯ ની નિશાની કરો.

**1. ગુજરાત રાજયની ધારાસભા કયા નામે ઓળખાય છે?**

**A. વિધાનસભા C. કારોબારી**

**B. વિધાન પરિષદ D. સ્થાનિક સરકાર**

**2. નગરપાલીકા અને મહાનગર પાલીકા એ સ્વરાજયની કેવી સરકાર કહેવાય છે ?**

**A. શહેરી સરકાર C. ગ્રામ્ય સરકાર**

**B. રાજય સરકાર D. ( B ) અને ( C )**

**3. આપણાં પડોશી મહારાષ્ટ્રમાં ધારાસભાના ઉપલાગૃહને શું કહે છે ?**

**A. વિધાનસભા B. વિધાન પરિષદ**

**C. રાજયસભા D. ( B ) અને ( C )**

**4. આપણા રાજયમાં વિધાનસભાના સભ્ય બનવાની લાયકાત શું છે ?**

**A. ઉંમર 25 વર્ષની હોય B. સરકારમાં નોકરી ન કરતો હોય**

C. રાજયમાં વસવાટ કરતો હોય D. ત્રણેય

5. ગુજરાત રાજયની વિધાનસભાના કાર્યો કયા કયા છે ?

A. નવા કાયદાઓ ઘડવા C. અંદાજપત્ર રજુ કરવું / મંજુર કરવું

B. જુના કાયદામાં સુધારો કરવો. D. ત્રણેય

6. રાજયના વહીવટી અધિકારીઓને શું કહેવાય છે ?

A. વહીવટી કારોબારી C. વહીવટી શાસકો

B. રાજકીય કારોબારી D. ત્રણે

7. રાજયપાલની મોટાભાગની સત્તાઓ કોણ કોણ ભોગવે છે ?

A. મુખ્યમંત્રી B. મંત્રીમંડળ

C. મુખ્યમંત્રી, મંત્રીમંડળ D. વહીવટી શાસકો

8. રાજયના બંધારણીય વડા કોણ છે ?

A. મુખ્યમંત્રી C. રાજયપાલ

B. મંત્રી D. મુખ્યમંત્રી, મંત્રી

9. રાજયને સોંપવામાં આવેલ કરવાના કાર્યોની યાદીને શું કહે છે ?

A. સંઘયાદી C. સંયુકતયાદી

B. રાજયયાદી D. ત્રણેય

10. ગુજરાત રાજયના વડીઅદાલતના ન્યાયાધીશની નિમણૂંક કોણ કરે છે ?

A. રાષ્ટ્રપતિ C. મુખ્યમંત્રી

B. રાજયનામંત્રી D. વડાપ્રધાન

11. તંદુરસ્તી કોને કહે છે ?

A. શારિરીક,માનસીક ,સામાજીક અને આધ્યાત્મિક ક્ષેમ કુશળતા

B. તંદુરસ્ત શરીર,મન

C. શારિરીક ક્ષેમ કુશળતાની સિધ્ધી

D. ત્રણેય

12. પ્રાથમિક સારવાર કેન્દ્રો પર કઈ સુવિધા મળે છે ?

A. 108 સુવિધા B. અનાજ વિતરણ

**C. રસીકરણ** **D. ત્રણેય**

**13. શિક્ષણની તમામ સુવિધાઓ કઈ યાદીમાં આવે છે ?**

**A. રાજયયાદી** **C. સંયુકત યાદી**

**B. સંઘયાદી** **D. (B ) અને (C)**

## એકમ 17 :- જાતિગત ભિન્નતા.

1. સરકાર દ્વારા બનાવવામાં આવેલ ભ્રુણ હત્યા વિરોધી કાયદા માટે નીચેના પૈકી કયા વિધાનો સાચા છે ?

1. ગર્ભમાં દીકરો કે દીકરીનું પરીક્ષણ કરવું ગુનો બને છે.
2. આ કાયદાથી દિકરીઓના જન્મનુ પ્રમાણ વધ્યું છે.
3. આ કાયદાથી દિકરીઓના જન્મ નુ પ્રમાણ ઘટયું છે.
4. આ કાયદાથી બાળલગ્નોને પ્રોત્સાહન મળે છે.

A. ફક્ત 1 અને 2 B. ફક્ત 3 અને 4

C. ફક્ત 1,2 અને 4 D. આપેલ તમામ.

2. કન્યાઓનું શિક્ષણમાં પ્રમાણ વધારવા માટે સરકારશ્રી દ્વારા નીચેનામાંથી કઈ યોજનાઓ શરૂ છે ?

A. કન્યા કેળવણી અને પ્રવેશોત્સવ B. સરસ્વતી સાધન સહાય યોજના

C. વિદ્યાલક્ષ્મી બોન્ડ યોજના D. આપેલ તમામ.

3. પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ : પ્રતિભાસિંહ પાટીલ , પ્રથમ મહિલા વડાપ્રધાન : ............................

A. સુષ્મા સ્વરાજ B. આનંદીબેન પટેલ

C. ઈન્દિરા ગાંધી D. નિર્મલા સીતારામન

4. આપણા દેશમા હાલનાં સમયમાં કયા મહિલા નાણાંમંત્રી છે ?

A. સ્મૃતિ ઈરાની B. નિર્મલા સીતારામન

C. આનંદીબેન પટેલ D. પ્રતિભાસિંહ પાટીલ.

5. નીચે પૈકી કયા મહિલા આગેવાન લોખંડી મહિલા ( IRON LADY ) તરીકે જાણીતા છે ?

A. પ્રતિભાસિંહ પાટીલ B. આનંદીબેન પટેલે

C. લતા મંગેશકર D. ઈન્દિરા ગાંધી.

6. લતા મંગેશકર માટે નીચે પૈકીનું કયું વિધાન ખોટું છે ?

A. તેઓ સ્વર સામ્રાજ્ઞી તરીકે જાણીતા હતા.

B. ભારત સરકારે તેમને ભારત રત્નથી સન્માનિત કરેલ છે.

C. તેઓ ભારત સરકારમા કેબિનેટ મંત્રી બન્યા હતા.

D. તેમને વિવિધ ભાષામાં ૪૦,૦૦૦ કરતાં વધારે ગીતો ગાયા છે.

7. ગુજરાતી મૂળના મહીલા અવકાશયાત્રી  કોણ છે ?

A. લજ્જા ગોસ્વામી B. સુનિતા વિલિયમ્સ

C. સરિતા ગાયકવાડ D. કલ્પના ચાવલા.

8. ઈ.સ. 1971ના યુદ્ધમાં પાકિસ્તાન પર વિજય મેળવવાના સમયે ભારતના વડાપ્રધાન કોણ હતા ?

A. ઈન્દિરા ગાંધી B. રાજીવ ગાંધી

C. લાલ બહાદુર શાસ્ત્રી D. મનમોહન સિંહ.

9. ગુજરાત સરકાર દ્વારા ' કુપોષણ મુક્ત ગુજરાત' અભિયાન  માટે કોને  બ્રાન્ડ એમ્બેસેડર બનાવ્યા છે ?

A. લજ્જા ગોસ્વામી B. સરિતા ગાયકવાડ

C. સોનલ પટેલ D. સુનિતા વિલિયમ્સ.

10. ભારતમાં છેલ્લી વસ્તી ગણતરી ક્યારે થઈ હતી ?

A. ઈ.સ. 1991 B. ઈ.સ. 1981

C. ઈ.સ. 2001 D. ઈ.સ. 2011

11. કેન્દ્ર સરકાર દ્વારા દર કેટલા વર્ષે વસ્તી ગણતરી કરવામાં આવે છે ?

A. દર 5 વર્ષે B. દર 7 વર્ષે

C. દર 10 વર્ષે D. દર 2 વર્ષે

12. ઈ.સ. 2011 ની વસ્તી ગણતરી અનુસાર ગુજરાતનું જાતિ પ્રમાણ કેટલું છે ?

A. 943 B. 940

C. 1000 D. 919

13. આપણા  રાજ્યના પ્રથમ મહિલા મુખ્યમંત્રી બનવાનું બહુમાન કોને મળ્યું છે ?

A. આનંદીબેન પટેલ B. દર્શનાબેન  જરદોશ

C. વસુબેન ત્રિવેદી D. ઈન્દિરા ગાંધી.

# એકમ 18 :- સંચાર માધ્યમ અને જાહેરાત

પ્રશ્ન- 1. નીચે આપેલા દરેક પ્રશ્નના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી  તેના પર ◯ ની નિશાની કરો.

1. એક સ્થળેથી બીજા સ્થળે માહિતી અથવા સંદેશો મોકલવા કે પ્રાપ્ત કરવાની વિસ્તૃત વ્યવસ્થાને શું કહે છે ?

A. સંચારતંત્ર B. સંચાર માધ્યમ

C. A અને B બન્ને D.એકપણ નહી

2. પહેલાના સમયમાં સંદેશો આપવા માટે કઇ પ્રવૃતિ નહોતી ?

A. ઢોલ વગાડીને B. આગ કે ધુમાડાના સંકેત

C. ઇ – મેઇલ દ્વારા D. ઝંડા લહેરાવીને

3. ભારતમાં ટેલીગ્રામ સેવા સૌપ્રથમ કોની કોની વચ્ચે થઇ હતી ?

A. મુંબઇ – કોલકત્તા B. કોલકત્તા-દિલ્હી

C. કોલકત્તા – અમદાવાદ D. કોલકતા- ડાયમંડ હાર્બર

4. ભારતમાં તાર સેવા ક્યારે બંધ કરવામાં આવી હતી ?

A. 13 જુન 2003 B. 13 જૂલાઇ 2003

C. 13 ઓગસ્ટ 2003 D. 13 સપ્ટેમ્બર 2003

5. વર્તમાનપત્રોમાં નીચેમાંથી શું સુસંગત નથી ?

A. જાહેરાતો B. આજનું ભવિષ્ય

C. વિશેષ દિન D. ફિલ્મી ગીતો

6. રેડિયો એ ક્યા પ્રકારનું સંચાર માધ્યમ છે ?

A. શ્રાવ્ય B. દ્રશ્ય-શ્રાવ્ય

C. A અને B બંને D. એક પણ નહી

7. રેડીયાની શોધ કોણે કરી હતી.?

A. લોગી બાયડ હર્બટ B. માર્કોની

C. માઈકલ D. જોઈન માર્કર

8. આકાશવાણીનું સૌપ્રથમ કેન્દ્ર ક્યાં સ્થાપવામાં આવ્યું હતું ?

A. ભારત B.અમેરિકા

C. ઇંગ્લેન્ડ D. જાપાન

9. ભારતમાં સૌપ્રથમ રેડિયો પ્રસારણ કયાં શરૂ થયું હતું ?

A. મુંબઈ - કોલકાતા B. મુંબઇ - દિલ્હી

C. મુંબઇ - અમદાવાદ D. દિલ્હી - ચેન્નાઈ

10. ઓલ ઈન્ડિયા રેડિયો અને દૂરદર્શન નેટવર્કની સેવા કોના દ્વારા પૂરી પાડવામાં આવે છે ?

A. પ્રસાર કાર્યક્રમ B. પ્રસારભારતી

C. પ્રસાર માધ્યમ D. પ્રચાર પ્રસાર

11. આજનો સૌથી લોકપ્રિય દ્રશ્ય-શ્રાવ્ય સંચાર માધ્યમ છે ?

A. રેડિયો B. ટેલિવિઝન

C. સમાચાર પત્ર D. ટપાલ

12. ટેલિવિઝનની શોધ કોણે કરી હતી ?

A. જહોન લોગી બાયડ B. જોન લોગી હર્બર્ટ

C. માર્કોની D. જહોન મેથ્યુ

13. ભારતમાં સૌ પ્રથમ ટેલિવિઝન કેન્દ્ર નો પ્રારંભ ક્યારે થયો હતો ?

A. 15 ઓગસ્ટ 1959 B. 15 સપ્ટેમ્બર 1959

C. 15 ઓગસ્ટ 1947 D. 5 ઓગસ્ટ 1952

14. અમદાવાદ ખાતે ક્યારે પ્રસારણ કેન્દ્ર શરૂ થયું હતું ?

A. 15 માર્ચ 1976 B. 15 માર્ચ 1980

C. 15 માર્ચ 1982 D. 5 એપ્રિલ 1976

15. અમદાવાદ ખાતે કોના મારફતે પ્રસારણ કેન્દ્ર શરૂ થયું હતું ?

A. દૂરદર્શન B. પ્રસારભારતી

C. ઈસરો D. રેડિયો

16. ડી.ડી. જ્ઞાનદર્શન નામની શૈક્ષણિક ચેનલ ક્યારે શરૂ કરવામાં આવી હતી ?

A. 26- 01- 2001 B. 26 - 01 – 2005

C. 26 - 01 – 2003 D. 26 - 01 - 2000

17. આધુનિક સમયમાં રેલવે, બસ, સિનેમાની ટિકિટ બુકિંગ કોના દ્વારા કરી શકીએ છીએ ?

A. ટપાલ B. મનીઓર્ડર

C. મોબાઈલ D. રેડિયો

18. પૃથ્વીના પેટાળમાં પાણી, ખનીજ ભંડાર છુપાયેલા છે તેની માહિતી કોના દ્વારા પ્રાપ્ત થાય છે ?

A. ટેલિવિઝન B. મોબાઈલ C. કૃત્રિમઉપગ્રહ D. સિનેમા

19. પોલીસ વધુ પ્રમાણમાં કયા સંચાર માધ્યમનો ઉપયોગ કરે છે ?

A. વોકી ટોકી B. રેડિયો C. ટેલિવિઝન D. ટપાલ

20. લોકશાહીમાં સંચાર માધ્યમ માટે કયું વિધાન સુસંગત નથી ?

A. લોકોના જીવન ધોરણમાં પરિવર્તન લાવવા. B. શિક્ષણ,આરોગ્ય કૃષિ સેવા કાર્યોની માહિતી.

C. સરકાર સંચાર માધ્યમો પર દેખરેખ રાખે છે. D. સંચાર માધ્યમ ખોટા સમાચાર આપે છે.

21. મોબાઈલ નો વિવેકપૂર્ણ ઉપયોગ માટે કયું વિધાન બંધબેસતું નથી ?

A. શૈક્ષણિક એપ્લિકેશનનો ઉપયોગ. B. મોબાઈલ માં આવતી ગેમ રમવી.

C. G- shala નો ઉપયોગ. D. DIKSHA એપ નો ઉપયોગ.

22. જાહેરાતની શરૂઆત ક્યાં થઈ હતી ?

A. ભારત B. ચીન C. ઈજિપ્ત D. યુરોપ

23. જાહેરાતના ફાયદા માટે કયું વિધાન યોગ્ય નથી ?

A. વસ્તુ પર છાપવામાં આવેલ કિંમતને જાણી શકાય છે.

B. વસ્તુની સામાન્ય માહિતી વ્યક્તિ સુધી પહોંચાડી શકાય છે.

C. જાહેરાતથી વેચાણ વધારી શકાય છે.

D. જાહેરાત દ્વારા આવતી વસ્તુ ગુણવત્તા યુક્ત હોય છે.

24. રક્ષાબંધનની રાખડી પોસ્ટના કયા માધ્યમ દ્વારા મોકલવામાં આવે છે ?

A. અંતરદેશીય કવર B. પોસ્ટકાર્ડ

C. મનીઓર્ડર D. પરબિડીયું

25. આધુનિક સમયમાં સંચાર માધ્યમનું ક્યુ માધ્યમ સૌથી ઝડપી છે ?

A. ટપાલ B. ઈ- મેઈલ C. પ્રિન્ટીંગ પ્રેસ D. દિવાળી કાર્ડ

26. ડીડી ગિરનાર ચેનલ ની શરૂઆત કયા શહેરથી થઈ હતી ?

A. અમદાવાદ B. રાજકોટ C. સુરત D. ગાંધીનગર

27. મોબાઈલ દ્વારા પેપરલેસ વર્ક થતા પર્યાવરણને શું ફાયદો થાય છે ?

A. હવામાં રેડિયેશન વધે B. વૃક્ષો કપાતા અટકે

C. પક્ષીઓ નામશેષ થઈ જાય D. ગ્લોબલ વોર્મિંગ વધે

28. ગ્રાહકે કેવી રીતે વસ્તુ ખરીદવાનો આગ્રહ રાખવો જોઈએ ?

A. દેખાદેખી દ્વારા B. મોંઘી વસ્તુ

C. ફેશન દ્વારા D. ચકાસણી દ્વારા

29. નીચે આપેલી જોડ પૈકી કઈ જોડ સાચી છે ?

A. રેડિયો - જહોન હાર્બર C. ટપાલ સેવા - માર્કોની

B. ટેલિવિઝન - જહોન લોગી બાયર્ડ D. મોબાઈલ - જોહન મિલર

30. ૧૯૫૭માં ઈન્ડિયન બ્રોડકાસ્ટિંગ સર્વિસનું નામ શું રાખવામાં આવ્યું હતું ?

A. પ્રસારભારતી B. આકાશવાણી C. ડીડી ગિરનાર D. વિજ્ઞાન દર્શન

31. પુસ્તકોને શેનો ભંડાર માનવામાં આવે છે ?

A. લખાણ B. ગુણ C. માહિતી D.રહેઠાણ

૩૨. નીચેના જોડકાની સાચી જોડનો વિકલ્પ પસંદ કરો ?

| કોલમ – ૧ | કોલમ - ૨ |
|---|---|
| 1. ઈ.સ. ૧૮૫૪ | A. ટેલીગ્રામ |
| 2. ઈ.સ. ૧૮૫૦ | B. પ્રસારભારતી |
| 3. ઈ.સ. ૧૮૯૫ | C. ટપાલસેવા |
| 4. ઈ.સ. ૧૯૯૭ | D. રેડિયો |

A. (1 – A) (2 – D) ( 3 – B) (4 –C)

B. (1 – B) (2 – D) ( 3 – B) (4 –C)

C. (1 – C) (2 – A) ( 3 – D) (4 –B)

D. (1 – D) (2 – C) ( 3 – B) (4 –A)

# એકમ 19 :- બજાર

1.મોબાઈલ કે વેબસાઈટ દ્વારા વસ્તુઓની ખરીદી માટે લેવાતી સેવાને ક્યું બજાર કહેવાય છે ?

A. મોહલ્લા બજાર B. સાપ્તાહિક બજાર

C. ઓનલાઈન બજાર D. ગુજરી બજાર

2. કોઈ અનિશ્ચિત દિવસે ભરાય તેને કયું બજાર કહે છે ?

A. સાપ્તાહિક બજાર B. શોપિંગ મોલ

C. ઓનલાઈન બજાર D. મોહલ્લા બજાર

3. ગુજરી કે સાપ્તાહિક બજારમાં ચીજવસ્તુઓ થોડા સસ્તા ભાવે કેમ મળે છે ?

A. દુકાન ભાડા ખર્ચ બચત B. વીજળીનો ખર્ચમાં બચત

C. કરવેરા ખર્ચમાં બચત D. તમામ

4. APMC એટલે શું ?

A. Agriculture Price Management Committee

B. Agriculture Product Market Committee

C. Agriculture Produce Market Committee

D. Agriculture Price Marketing Committee

5. માર્કેટિંગ યાર્ડમાં વેચાણના ફાયદા કયા કયા છે ?

A. જાહેર હરાજીથી વેચાણ કરવામાં આવે છે. B. વહીવટી પારદર્શિતા જોવા મળે છે.

C. વેચાણ ઉપર સારા ભાવ મળી શકે. D. ઉપરના તમામ

6. વસ્તુનું ઓનલાઈન શોપિંગ કરી આ ખરીદીને ઘરે મંગાવી શકાય નહી ?

A. કમ્પ્યુટર B. મોબાઈલ C. જમીન-મકાન D. કરિયાણું

7. નીચેનામાંથી ગ્રાહક કોણ છે ?

A. અનાજનું ઉત્પાદન કરનાર ખેડૂત B. અનાજનું વેચાણ કરનાર વેપારી

C. દુકાનદાર પાસેથી અનાજ ખરીદનાર D. તમામ

8. ઘર વપરાશની અને વીજળીથી ચાલતી વસ્તુઓ ખરીદતા પહેલા કયો માર્કો અથવા નિશાન જોશો ?

A. હોલમાર્ક B. વૂલમાર્ક C. એગમાર્ક D. આઈ.એસ.આઈ.

9. ખોટી જોડી શોધો.

A. આઈ.એસ.આઈ - વીજળીથી ચાલતી વસ્તુઓ

B. આઈ.એસ.આઈ- ઘર વપરાશની વસ્તુઓ

C. હોલમાર્ક - સોના ચાંદી ઘરેણાં

D. વૂલમાર્ક - ખાદ્ય પદાર્થ

10. ખોટી જોડી શોધો.

A. આઈ.એસ.આઈ -

B. એગમાર્ક –

C. હોલમાર્ક -

D. વૂલમાર્ક -

11. ખોટી જોડી શોધો.

A. શાકાહારી ખોરાક -

B. માંસાહારી -

C. હોલમાર્ક -

D. વૂલમાર્ક -

12. ગ્રાહક સુરક્ષા અધિનિયમ 1986 મુજબ કુલ કેટલા અધિકાર ગ્રાહકને મળેલ છે ?

A. 8 B. 5

C. 6 D. 10

13. ગ્રાહક સુરક્ષા અધિનિયમ 1986 મુજબ કયો અધિકાર ગ્રાહકને મળેલ નથી ?

A. સલામતીનો અધિકાર B. પસંદગી નહીં કરવાનો અધિકાર

C. માહિતી મેળવવાનો અધિકાર D. રજૂઆત કરવાનો અધિકાર

14. ગ્રાહક સુરક્ષા અધિનિયમ 1986 મુજબ કયો અધિકાર ગ્રાહકને મળેલ છે ?

A. ગ્રાહક શિક્ષણ મેળવવાનો અધિકાર B. ફરિયાદ નિવારણના અધિકાર

C. રજૂઆત કરવાનો અધિકાર D. તમામ

15. સામાન ખરીદી જી.એસ.ટી. નંબર વાળું પાકું બિલ લેવું જોઈએ ?

A. છેતરપિંડીથી બચી શકાય B. સરકારને ટેક્ષની આવક થાય

C. કાળુનાણું ડામી શકાય D. તમામ

16. દવા ખરીદી વખતે કઈ બાબતો ધ્યાને લેશો ?

A. ઉત્પાદનની તારીખ B. એક્સપાયરી તારીખ

C. ડોક્ટરે નોંધેલીજ દવા હોય D. તમામ

17. શિક્ષણ આપતી સંસ્થાઓ બાબતે ધ્યાને લેવાની બાબત.

A. સંસ્થામાં બાળકોની સલામતી B. શિક્ષકોની લાયકાતની વિગત

C. ફી ભર્યાની રસીદ D. તમામ

18. બજારમાં થતી છેતરામણીથી કેવી રીતે બચીશું ?

A. લોભામણી જાહેરાતોથી દૂર રહીશું.

B. ખરીદી અને ગુણવત્તા સાથે પાકા બીલનો આગ્રહ રાખીશું.

C. વર્તમાનપત્રમાં છેતરામણી બાબતે જાગૃતિ માટે પ્રચાર-પ્રસાર કરીશું.

D. ઉપરોક્ત તમામ